# માનવ

નોર્થ અમેરિકામાં વસતા વિચારશીલ અને કર્મશીલ માનવીઓનું પાક્ષિક.

તંત્રી: કૌશિક અમીન વર્ષ: ૧૯ અંક:૦૨. એપ્રિલ ૧૫, ૨૦૨૧.



## *ફૂલોના ખેતરમાં ફૂલની તસવીરઃ*

**અમેરિકાના કેલિફોર્નિયાના કાર્લ્સબાડમાં ફૂલોનું ખેતર 'ધ ફ્લાવર ફિલ્ડ' આવેલું છે. જ્યાં એક સુંદર ફૂલ જેવી કન્યા મિત્ર સમક્ષ ફોટો પડાવી રહી છે. આ ફૂલોનું ખેતર 50 એકરમાં પથરાયેલું છે અને રંગબેરંગી ફૂલોથી અહીં મનોરમ દૃશ્ય સર્જાય છે.**

***Published by: Southasian Media Network inc. USA. * kaushikamin@hotmail.com,***

### અફઘાનિસ્તાનથી દરેક સૈનિકો પરત બોલાવશે અમેરિકા:

## તાલિબાન વિરુદ્ધ 20 વર્ષ ચાલેલા યુદ્ધ બાદ અમેરિકા પરત ફરશે 2500 સૈનિકો.

*બાઈડને સપ્ટેમ્બર 11, 2021 સુધીમાં પરત ફરવાના આદેશ આપ્યા.*



તાલિબાન વિરુદ્ધ 20 વર્ષથી યુદ્ધ લડ્યા પછી અમેરિકન સૈનિક ટૂંક સમયમાં જ અફઘાનિસ્તાનથી જતા રહેશે. અમેરિકાએ અફઘાનિસ્તાનથી તેમના દરેક સૈનિક પરત બોલાવવાની જાહેરાત કરી દીધી છે. અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડને અફઘાનિસ્તાનમાં તહેનાત 2500 સૈનિકોને 11 સપ્ટેમ્બર સુધી પરત આવવાનો આદેશ આપી દીધો છે. અમેરિકાએ તાલિબાનને જડમૂળથી સાફ કરી દેવા માટે 2001માં અફઘાનિસ્તાનમાં પોતાના સૈનિકો મોકલ્યા હતા. અમેરિકાના વિદેશ મંત્રી એન્ટી બ્લિંકન અને રક્ષા મંત્રી લોયડ ઓસ્ટિન નાટોમાં સામેલ દેશોને આ વિશેની માહિતી આપશે. અફઘાનિસ્તાનમાં 7 હજાર કરતાં વધારે સૈનિકો અમેરિકાએ તેમના સૈનિકોને 9/11 હુમલાની 20મી વરસી પહેલા પરત બોલાવવા માંગે છે. અમેરિકાની બાઈડન સરકારે ઘણાં સપ્તાહ પહેલાં જ આ વિશેના નિર્ણયના સંકેત આપી દીધા હતા. આ સમયે અફઘાનિસ્તાનમાં 7 હજાર કરતાં વધારે સૈનિકો તહેનાત છે. તેમાં મોટા ભાગના નાટો (નોર્થ એન્ટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન)ના છે. છેલ્લા એક વર્ષમાં તાલિબાનોએ ઘણાં અમેરિકન સૈનિકોને ટાર્ગેટ કર્યા હતા. હવે અફઘાનિસ્તાનની સેના ઉપર પણ ઘણી વખત હુમલો કરે છે.અમેરિકાએ પણ તૈયાર કર્યો હતો પ્રસ્તાવ.આ પહેલા ટ્રમ્પ સરકારે અફઘાનિસ્તાનમાં 1 મેના રોજ અમેરિકન સૈનિકોને પરત આવવા માટેની ડેડલાઈન નક્કી કરી હતી. અમેરિકા ઈચ્છે છે કે, તાલિબાનીઓ સાથે શાંતિ સમજૂતી કરવામાં આવશે. તે માટે અમેરિકા, તુર્કીમાં UNની એક બેઠક માટે પ્રયત્નો કરી રહ્યા છે. અમેરિકાએ પણ એક પ્રસ્તાવ તૈયાર કર્યો હતો. તેમાં તુરંત એક નવા લીગલ સિસ્ટમ બનાવવાનો ઉલ્લેખ કર્યો હતો. તેમાં તાલિબાનીઓને પણ પ્રતિનિધિત્વ આપવામાં આવશે. પરંતુ ગનીએ આ પ્રસ્તાવ નકારી દીધો હતો.કંધારમાં એરસ્ટ્રાઈકમાં 80 આતંકીઓ ઠાર કરાયા હતાઆ પહેલા અફઘાનિસ્તાનના કંધારમાં એપ્રિલ 4m 2021ના રોજ એરસ્ટ્રાઈકમાં 80થી વધારે આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. અરઘનદાબ જિલ્લામાં થયેલી આ કાર્યવાહીમાં મુખ્ય કમાન્ડર સરહદીનું પણ મોત થયું હતું. અફઘાની ડિફેન્સ મિનિસ્ટ્રીએ ટ્વિટ કરીને એરફોર્સની આ કાર્યવાહીની જાણ કરી હતી. ડિફેન્સ મિનિસ્ટ્રીના પ્રવક્તા ફવાદ અમાને જણાવ્યું હતું કે, જ્યારે આતંકીઓ એક હુમલો કરવાની તૈયારીમાં હતા ત્યારે તેમના ઠેકાણા પર તે સમયે એર સ્ટ્રાઈક કરવામાં આવી હતી.

# બાઈડેનને પડકાર:તાલિબાન

## *પાકિસ્તાને અલ કાયદા સાથે હાથ મિલાવ્યો, અફઘાનિસ્તાનમાં ખતરો વધશે*



*ફોટો ગયા વર્ષનો 5 ઓગસ્ટનો છે. ત્યારે તાલિબાની નેતાઓનું પ્રતિનિધિમંડળ ઇસ્લામાબાદમાં પાકિસ્તાનના વિદેશમંત્રી શાહ મેહમુદ કુરેશીને મળ્યા હતા.*

પાકિસ્તાનમાં રહેલું તાલિબાનના હક્કાની નેટવર્કે અફઘાનિસ્તાનમાં હુમલા માટે અલ-કાયદા સાથે જોડાયું છે. બંને મળીને એક નવું યુનિટ તૈયાર કરી રહ્યા છે. આ ખુલાસો અમેરિકાના નાણાં વિભાગ દ્વારા કરવામાં આવ્યો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન માટે આ એક મોટો પડકાર હશે, કેમ કે અફઘાનિસ્તાનમાં લગભગ 3,000 અમેરિકન સૈનિકો હાજર છે. જો કે તાલિબાનના પ્રવક્તાએ આ રિપોર્ટને નકારી કાઢ્યો છે.

**રિપોર્ટ એટલા માટે મહત્વપૂર્ણ**

અમેરિકા અને અફઘાનિસ્તાન હંમેશાંથી પાકિસ્તાન પર આરોપ લગાવતા રહ્યા છે કે પાકિસ્તાન સેના, ISI અને ત્યાની સરકાર હક્કાની નેટવર્કને મદદ કરે છે. એવા આરોપ પણ લગાવ્યા છે કે હક્કાનાની નેટવર્કના તાલિબાની આતંકવાદીઓ સરહદ પાર કર્યા બાદ અફઘાનિસ્તાનમાં હુમલો કરે છે. હુમલાઓ બાદ આ આતંકીઓ પાકિસ્તાની સૈન્યની મદદથી તેમના છુપાયેલા સ્થળો પર પાછા ફરે છે.

ગયા વર્ષે માર્ચમાં અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં શીખ પર હુમલો થયો હતો. હક્કાની નેટવર્ક પર પણ આ હુમલાનો આરોપ લાગ્યો હતો અને અફઘાન ઇન્ટેલિજન્સે તેને પુરાવા અમેરિકા, ભારત અને તપોતાની સરકારને આપ્યા હતા.

**બાઈડેન એડમિનિસ્ટ્રેશનની નજર**

બાઈડેને સત્તા સંભાળ્યા પછી યુએસ-તાલિબાનનો સોદો રદ કર્યો હતો. પાકિસ્તાને આનો વિરોધ કર્યો હતો, કેમ કે તે તેમાં મધ્યસ્થી કરી રહ્યું હતું. નાણાં મંત્રાલયના રિપોર્ટ બાદ હવે સ્પષ્ટ થઈ ગયું છે કે અમેરિકાએ તાલિબાન સાથેના સોદાને કેમ રદ કર્યો. અમેરિકાના પૂર્વ ચીફ ઓફ સ્ટાફ માઇક મુલેનના હવાલેથી રિપોર્ટમાં જણાવાયું છે કે- તાલિબાન અને ISI વચ્ચેના સંબંધ માટે કોઈ પુરાવાની જરૂર નથી. બંને એક સિક્કાના પાસાં છે.

**તાલિબાનનો ઇનકાર**

અમેરિકાના નાણાં વિભાગના રિપોર્ટને તાલિબાને નકારી કાઢ્યો છે. તેના પ્રવકતા જબીઉલ્લાહ મુજાહિડે કહ્યું, અમે આ આરોપોને નકારીએ છીએ. તાલિબાન અને અલ-કાયદાની વચ્ચે કોઈ સમજૂતી થઈ નથી. આ રિપોર્ટ અમારા સંગઠનને બદનામ કરવાની અમેરિકના કાવતરાંનો એક ભાગ છે.

**(સૌજન્ય: દિવ્યભાસ્કર)**

# છત્તીસગઢ હુમલો : નક્સલવાદીઓની યોજના વિશે પોલીસને પહેલાંથી જાણ હતી?



છત્તીસગઢમાં તાજેતરમાં થયેલું લોહીયાળ એન્કાઉન્ટર કઈ દિશામાં નિર્દેશ કરે છે? શું આ હુમલાને માઓવાદીઓની તાકાતના પુરાવા તરીકે ગણવો જોઈએ? શું માઓવાદીઓ પોતાના વિસ્તારમાં પ્રભાવ જમાવવા માટે મરણિયો પ્રયાસ કરી રહ્યા છે? જમીની વાસ્તવિકતા શું છે? આ બાબત સમજવા માટે આંધ્ર પ્રદેશ, તેલંગણા અને છત્તીસગઢના પોલીસ અધિકારીઓ, માઓવાદી ચળવળની જાણકારી ધરાવતા નિષ્ણાતો, પૂર્વ માઓવાદીઓ, માઓવાદી વિસ્તારમાં ઘણા સમયથી કામ કરતા પત્રકારો તથા માનવાધિકાર ચળવળકર્તાઓ સાથે વાત કરી હતી. તેમણે નામ જાહેર ન કરવાની શરતે વાત કરી હતી.

***'ઑપરેશન હિડમા'- હકીકતમાં શું થયું હતું?***

હુમલાની જાણકારી ધરાવતા વિવિધ અધિકારીઓ પ્રમાણે તેમની પાસે એવી બાતમી હતી કે ટોચના ઓવાદી નેતા હિડમા માડવી પોતાના સાથીદારોની સાથે જોનાગુડા ગામ નજીક જંગલમાં હાજર હતા.

એપ્રિલ 02 ની રાતે હિડમાને પકડવા માટે પોલીસની આઠ ટુકડીઓ સુગમા અને બીજાપુર જિલ્લાના આ વિસ્તારમાં પગપાળા રવાના થઈ હતી. પોલીસની આઠ ટુકડીઓમાં લગભગ 2000 જવાન હતા. તેઓ પૂર્વનિર્ધારિત સ્થળે પહોંચ્યા ત્યારે ત્યાં કોઈ માઓવાદીના સગડ ન મળ્યા. તેથી બધી ટીમ પોતાના કૅમ્પ તરફ પાછી જવા રવાના થઈ હતી. તેઓ પાછા જતા હતા, ત્યારે જુદી-જુદી ટીમના લગભગ 400 જવાનો જોનાગુડા નજીક એક જગ્યાએ રોકાયા. ત્યાં વરિષ્ઠ અધિકારીઓએ આગામી યોજનાની ચર્ચા કરી. બરાબર તે જ સમયે માઓવાદીઓએ તેમને ઘેરી લીધા અને નજીકની એક ટેકરી પરથી પોલીસ પર ભારે ગોળીબાર શરૂ કરી દીધો હતો. એક અધિકારીએ કહ્યું, "માઓવાદીઓએ અમારી ફોર્સ સામે સ્થાનિક સ્તરે ઉત્પાદિત રૉકેટ લૉન્ચરનો મોટા પાયે ઉપયોગ કર્યો હતો. તેના કારણે ઘણા જવાન ઈજાગ્રસ્ત થયા હતા." "ત્યાર બાદ બુલેટપ્રૂફ જૅકેટ પહેરીને

આવેલા માઓવાદીઓએ અમારા જવાનો પર હુમલો કર્યો અને ઈજાગ્રસ્ત જવાનો પર ગોળીબાર કર્યો. અમારા જવાનોએ પણ વળતો જવાબ આપ્યો હતો. તેથી બંને પક્ષે ભારે જાનહાનિ થઈ હતી." અધિકારીએ કહ્યું કે એક રીતે જોવામાં આવે તો પોલીસની ટુકડીઓ માઓવાદીઓની જાળમાં ફસાઈ ગઈ હતી. પરંતુ તેઓ આને 'ઇન્ટેલિજન્સ ફેલ્યર' ગણવા તૈયાર નથી. અધિકારીએ કહ્યું કે, 'અમે હિડમા પર હુમલો કરવાના લક્ષ્ય સાથે ગયા હતા, કારણકે અમારી પાસે તેની બાતમી હતી. પરંતુ પાછા ફરતી વખતે પોલીસ ટુકડી ઓછી સાવધ હતી. તેના કારણે આ નુકસાન થયું.' એક પત્રકારે જણાવ્યું કે, "હિડમાનું ગામ પૂવાર્થી હુમલાના સ્થળની બહુ નજીક છે. આ સમગ્ર વિસ્તાર તેના ગઢ સમાન છે. આ ઉપરાંત તેને સ્થાનિક લોકોનો પણ ટેકો છે. તેથી તેમણે પોલીસ ફોર્સની મૂવમૅન્ટ પર બારીક નજર રાખી હતી અને ત્યારબાદ સ્પષ્ટ યોજનાના ભાગરૂપે હુમલો કર્યો હતો."

***'આંધ્ર મૉડલ...'***

અવિભાજિત આંધ્ર પ્રદેશમાં તાજેતરમાં માઓવાદી ચળવળ નબળી પડી છે. ભૂતકાળમાં આ વિસ્તાર માઓવાદી પ્રવૃત્તિઓનો ગઢ હતો.

મહત્ત્વની વાત એ છે કે તેલંગણામાં માઓવાદી ચળવળની આગેવાની લેનારા ઘણા આગેવાનો ઍન્કાઉન્ટરમાં માર્યા ગયા છે. આંધ્ર પ્રદેશ પોલીસ, ખાસ કરીને ગ્રેહાઉન્ડ્સે માઓવાદી ચળવળને ખતમ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. આ વલણને 'આંધ્ર મૉડલ' તરીકે ઓળખવામાં આવે છે.ગ્રેહાઉન્ડ્સ એ રાજ્ય સરકારનું દળ છે, પરંતુ માઓવાદીઓ પર હુમલા કરવા માટે તેઓ સરહદ પાર કરીને ઓડિશા અને છત્તીસગઢમાં પણ કાર્યવાહી કરી છે. હૈદરાબાદના ગ્રેહાઉન્ડ્સ સેન્ટર ખાતે જુદાં-જુદાં રાજ્યોની સ્પેશિયલ ફોર્સિસને તાલીમ આપવામાં આવી રહી છે. 1986માં ગ્રેહાઉન્ડ્સની સ્થાપના થઈ હતી અને તેમણે માઓવાદીઓના હાથે ભાગ્યે જ ભારે નુકસાન સહન કર્યું છે. જોનાગુડાની ઘટના વિશે વાત કરતા તેલંગણાના એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું કે "કોઈ પણ સમયે, કોઈ પણ જગ્યાએ ગુપ્તચર બાતમી સૌથી મહત્ત્વની ચીજ હોય છે." "આપણને જ્યારે ગુપ્તચર માહિતી મળે ત્યારે આપણે તેની વિવિધ સ્તરે ચકાસણી કરીએ છીએ." પોલીસ અધિકારીએ કહ્યું કે રાજ્યોની પોલીસ ફોર્સને ગ્રેહાઉન્ડ્સ જેટલી સફળતા નથી મળતી તેનું કારણ તેમની વચ્ચે સંકલનનો અભાવ છે. "આપણી પાસે પહેલાંથી માહિતી હતી કે હિડમા અને તેના સાથીદારો આ વિસ્તારમાં હુમલાની યોજના ધરાવે છે. અમે સંભવિત હુમલા વિશે છત્તીસગઢ પોલીસને પણ ઍલર્ટ કરી હતી."

માઓવાદીઓ તાજેતરમાં નિયમિત હુમલા શા માટે કરી રહ્યા છે તેમ પૂછવામાં આવતા અધિકારીએ જણાવ્યું, "તેમના TCOCના ભાગરૂપે."

***TCOC શું છે?***

માઓએ 'ઑન ગેરિલા વૉરફેર' પુસ્તક લખ્યું છે, જેમાં TCOC (ટેકનિકલ કાઉન્ટર ઑફેન્સિવ કૅમ્પેન) એક મહત્ત્વનું તત્ત્વ છે.

'ઑન ગેરિલા વૉરફેર'માં માઓએ આ વ્યૂહરચના વિશે લખ્યું, "જ્યારે દુશ્મનનું સંખ્યાબળ વધારે હોય અને તમારું સંખ્યાબળ ઓછું હોય ત્યારે તમે જ્યાં શક્તિશાળી હોવ તેવી જગ્યાએ તમારાં બધાં દળોને સંકલિત કરો, દુશ્મનના નાનકડા એકમ પર આશ્ચર્યજનક હુમલો કરો અને વિજય મેળવો."

આ જ પોલીસ ઑફિસરે જણાવ્યું કે, "આપણે જંગલમાં ઊંડે જતા જઈએ છીએ અને કૅમ્પ નાખીએ છીએ તેમતેમ માઓવાદીઓ પણ પોતાની ક્ષમતા વધારી રહ્યા છે." તારેમ, પેગાડુપલ્લી, સરકેગુડા, બાસાગુડામાં હુમલાના સ્થળ નજીક ચાર કૅમ્પ/સ્ટેશન છે. આ તમામ કૅમ્પ જોનાગુડાથી માત્ર ચાર-પાંચ કિમીની અંદર છે. કેટલાક અધિકારીઓનો મત છે કે સરકાર માઓવાદી વિસ્તારમાં આગામી દિવસોમાં વધુ કૅમ્પ નાખવાની યોજના ધરાવે છે, તેથી માઓવાદીઓએ સરકારની આ યોજના રોકવા માટે હુમલા શરૂ કર્યા છે. ગૃહમંત્રી અમિત શાહ અને છત્તીસગઢના મુખ્ય મંત્રી ભુપેશ બઘેલના નિવેદનમાં પણ આ વાતનું પ્રતિબિંબ જડે છે. બંને નેતાઓએ સ્પષ્ટ જણાવ્યું છે કે માઓવાદીના ગઢ ગણાતા વિસ્તારમાં પોલીસદળો ઊંડે સુધી જઈ રહ્યા છે તેથી માઓવાદીઓ બદલો લેવા માટે હુમલા કરી રહ્યા છે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે આ યોજનામાં નમતું જોખવાની કોઈ શક્યતા નથી અને માઓવાદનો કાયમી ઉકેલ લાવવા માટે સરકાર હુમલાની તીવ્રતા વધારશે.

***માઓવાદીઓના ગઢ કયા છે? તેમની વાસ્તવિક શક્તિ કેટલી છે?***

આ સવાલનો જવાબ મેળવવા માટે માઓવાદ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા લોકો અને નિષ્ણાતો સાથે વાત કરી, જેઓ લાંબા સમયથી આ ચળવળ અંગે સંશોધન કરે છે.એપ્રિલ 2006માં તત્કાલીન વડા પ્રધાન મનમોહન સિંહે જાહેરાત કરી હતી કે 'નક્સલવાદ એ સૌથી મોટો આંતરિક ખતરો છે.' ત્યાં સુધીમાં દેશનાં ઘણાં રાજ્યોમાં માઓવાદી આંદોલન સ્થાપિત થઈ ગયું હતું. માઓવાદીઓનો દાવો હતો કે તેઓ 14 રાજ્યોમાં હાજરી ધરાવે છે. 2007માં સીપીઆઈ (માઓવાદી) પાર્ટીની 7મી કૉંગ્રેસમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે દંડકરણ્ય, બિહાર-ઝારખંડને મુક્ત વિસ્તાર બનાવો. આ સાથે એવું પણ નક્કી કરવામાં આવ્યું હતું કે કર્ણાટક, કેરળ, તામિલનાડુના સરહદી વિસ્તાર જ્યાં ભેગા થાય છે તે વેસ્ટર્ન ઘાટ તથા આંધ્ર-ઓડિશાના સરહદી વિસ્તારોમાં ગોરીલા યુદ્ધને તીવ્ર બનાવવું. તેમણે આંધ્ર પ્રદેશમાં જ્યાં માઓવાદી ચળવળ નબળી પડી ગઈ છે, ત્યાં તેમાં નવેસરથી વેગ લાવવાનો પણ નિર્ણય લેવાયો હતો. જોકે, ત્યારબાદ તરત રાજ્ય અને કેન્દ્ર સરકારોએ બસ્તરમાં ઑપરેશન સાલ્વાજુદમ અને સમગ્ર દેશમાં ઑપરેશન ગ્રીન હન્ટની શરૂઆત કરી. ત્યારબાદ ઑપરેશન સમાધાન અને ઑપરેશન પ્રહાર શરૂ કરવામાં આવ્યાં હતાં.આ કાર્યવાહીના કારણે માઓવાદીઓએ પોતાના નિયંત્રણ હેઠળનો કેટલોક વિસ્તાર ગુમાવ્યો. સંખ્યાની દૃષ્ટિએ તેમણે ઘટાડો સહન કર્યો. તેના કેટલાક નેતાઓ અને પદાધિકારીઓએ સરકાર સમક્ષ શરણાગતિ સ્વીકારી..

નવી ભરતીમાં ભારે ઘટાડો થયો. એટલું જ નહીં, શહેરી વર્ગ અને વિદ્યાર્થી વર્ગમાંથી ભરતી સાવ બંધ થઈ ગઈ છે. તેના કારણે નવા નેતૃત્વનો અભાવ છે.
બસ્તરમાંથી રિપોર્ટિંગ કરતા એક પત્રકારે કહ્યું કે માઓવાદીઓ બસ્તરમાં બે જગ્યાએ મજબૂત સ્થાન ધરાવે છે. તેમાંથી એક અભુજમડ છે જે 4000 ચોરસ કિમીનો પટ્ટો છે. એવું કહેવાય છે કે આ વિસ્તારમાં હજુ સુધી સરકારે પણ પ્રવેશ કર્યો નથી. સરકાર એટલે માત્ર વર્તમાન સરકાર નહીં. એવું કહેવાય છે કે આ વિસ્તારમાં બ્રિટિશરો પણ ક્યારેય પ્રવેશી શક્યા ન હતા. આ વિસ્તાર ગાઢ જંગલોથી ઘેરાયેલો છે અને બહુ પાંખી વસતી વસે છે.
બીજો વિસ્તાર છે ચિંતાલનાર. આ વિસ્તાર પણ અભુજમડ જેટલો જ મોટો છે. જોકે તેમાં ગાઢ જંગલો કે મોટાં પર્વતો નથી. અહીં વસતીનું ઘનત્વ પણ વધારે છે. છતાં આ વિસ્તારમાં સરકારી દળોએ ભારે નુકસાન સહન કરવું પડ્યું છે. ખાસ કરીને છેલ્લાં 15 વર્ષમાં તેમને આ વિસ્તારમાં બહુ નુકસાન થયું છે.
2010માં અહીં ટાડીમેટલામાં માઓવાદી હુમલામાં સીઆરપીએફના 76 જવાન માર્યા ગયા હતા. 2020માં લૉકડાઉનની જાહેરાત થઈ તેનાથી બે દિવસ અગાઉ મિનસામાં 17 જવાનો માર્યા ગયા હતા. આ બંને ગામ આ વિસ્તારમાં આવે છે. બીજી તરફ સરકેગુડા ગામમાં 2012માં સુરક્ષાદળોના એક શંકાસ્પદ ઍન્કાઉન્ટરમાં 6 સગીર વયના છોકરા સહિત કુલ 17 લોકો માર્યા ગયા હતા. આ સ્થળ પણ આ વિસ્તારમાં જ આવે છે.
માનવાધિકાર સંગઠનોનું કહેવું છે કે મરનારા તમામ 17 લોકો ગ્રામવાસીઓ હતા અને તેઓ સ્થાનિક તહેવારની ઉજવણીની ચર્ચા કરવા માટે એકઠા થયા હતા. જસ્ટિસ અગ્રવાલ પંચે આ અંગેનો તપાસ અહેવાલ વિધાનસભામાં રજૂ કર્યો હતો, જેમાં સ્વીકાર્યું હતું કે મરનારા લોકો માઓવાદી હતા તેવું સાબિત કરવાના કોઈ સંતોષજનક પુરાવા નથી.
એક પૂર્વ મહિલા માઓવાદી કાર્યકરે જણાવ્યું કે, "છેલ્લાં બે વર્ષમાં પોલીસે અભુજમડ વિસ્તાર (નારાયણપુર જિલ્લો)માં નવાં કૅમ્પ સ્થાપ્યાં છે. તેથી તે વિસ્તારમાં પણ હુમલા થયા છે.
સાઉથ બસ્તરમાં પણ આવું જ થઈ રહ્યું છે. તેથી સાઉથ બસ્તરમાં પણ હુમલાની સંખ્યામાં વધારો થયો છે." તેમણે કહ્યું કે આ બાબતને પોલીસ અને માઓવાદીઓ વચ્ચેના સંઘર્ષ તરીકે જોઈ શકાય.
પોલીસ માઓવાદી વિસ્તારમાં ઊંડે સુધી પ્રવેશવા માગે છે, જ્યારે માઓવાદીઓ પોતાનો વિસ્તાર જાળવી રાખવા માગે છે.
'સરકાર ખાણો પર પોતાનું પ્રભુત્વ જમાવવા પ્રયાસ કરે છે' માઓવાદીઓ સાથે સહાનુભૂતિ ધરાવતા લોકોએ કહ્યું કે આ વિસ્તારમાં વિપુલ પ્રમાણમાં કુદરતી સંસાધન હાજર છે અને તેના માટે આ લડાઈ ચાલે છે.
તેમણે કહ્યું, 'સરકાર ખાણ કંપનીઓને આ વિસ્તાર સોંપવા માટે પ્રયત્ન કરે છે જ્યારે માઓવાદીઓના નેતૃત્વ હેઠળ આદિવાસીઓ તેનો પ્રતિકાર કરે છે.'
તેમનો આરોપ છે કે સરકાર આ વિસ્તારમાંથી માઓવાદીઓ અને આદિવાસીઓ બંનેને દૂર હડસેલી દઈને ત્યાંની જમીન ખાનગી કંપનીઓને સોંપવા માગે છે.

### *મંત્રણાનું શું?*

દંડકારણ્ય સ્પેશિયલ ઝોનલ કમિટી ઑફ સીપીઆઈ (માઓવાદી)એ થોડા સપ્તાહ અગાઉ જાહેરાત કરી હતી કે સરકાર કેટલીક શરતો માન્ય રાખે તો તેઓ મંત્રણા કરવા તૈયાર છે. પરંતુ છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે કહ્યું કે માઓવાદીઓએ સૌપ્રથમ પોતાનાં હથિયાર છોડવા પડશે. ત્યારપછી જ સરકાર મંત્રણા માટે તૈયાર થશે. કેટલાક લોકોનું કહેવું છે કે હવે મંત્રણા જરૂરી છે. બીજા કેટલાકના મતે મંત્રણા નિરર્થક છે. માઓવાદી નેતાઓએ વિવિધ પ્રસંગે જણાવ્યું છે કે આંધ્ર પ્રદેશ સંયુક્ત રાજ્ય હતું ત્યારે વાય. એસ. રાજશેખર રેડ્ડીના શાસનકાળમાં તેમણે મંત્રણામાં ભાગ લીધો હતો, જેમાં તેમને ફાયદા કરતાં નુકસાન વધુ થયું હતું. બીજી તરફ કેટલાક સરકારી અધિકારીઓ માને છે કે સશસ્ત્ર લડત દ્વારા સરકારની સત્તા મેળવવા માગતા લોકો સાથે મંત્રણા કરવાથી કંઈ પ્રાપ્ત નહીં થાય. સિવિલ સોસાયટી, બૌદ્ધિકો, કેટલીક એનજીઓ દ્વારા શાંતિમંત્રણા કરાવવા માટે પ્રયત્ન ચાલુ છે.

### *ઇતિહાસમાંથી શું શીખવા મળ્યું?*

90ના દાયકા પછી વિશ્વ ઝડપથી બદલાઈ ગયું છે. ઇતિહાસની વાત કરીએ તો ચીનની માઓવાદી ચળવળ પરથી પ્રેરણા લઈને પેરુ, ફિલિપાઇન્સ, નેપાળ અને તુર્કીમાં પણ આવી ચળવળ થઈ હતી. અત્યારે આ પૈકી કોઈ દેશમાં આ ચળવળમાં મજબૂતી રહી નથી. શ્રીલંકામાં તમિળોનો સંઘર્ષ તથા આયરીશ અને કુર્દીશ સંઘર્ષ પણ મોટા ભાગે ખતમ થઈ ગયો છે. 1992માં પેરુમાં 'શાઇનિંગ પાથ' લીડર ગોંઝાલોની ધરપકડ સાથે માઓવાદી ચળવળનું પતન થયું હતું. તેવી જ રીતે ફિલિપાઇન્સમાં પણ માઓવાદી ચળવળ કોઈ પ્રગતિ કરી શકી નથી. તુર્કીમાં સરકારની કાર્યવાહી બાદ માઓવાદી આંદોલનને ભારે નુકસાન થયું છે. મેક્સિકોમાં ઝેપેટિસ્ટા મૂવમૅન્ટમાં વિશ્વભરના યુવાનોને રસ પડ્યો હતો, પરંતુ તેમણે પણ પોતાની દિશા બદલવી પડી છે. બીજી તરફ ગૃહમંત્રીએ કહ્યું છે તે રીતે છેલ્લા માઓવાદીને ખતમ કરવાનું લક્ષ્ય ક્યારે સિદ્ધ થશે? માનવાધિકાર ચળવળકર્તાના ધ્યાનમાં આ બાબત લાવવામાં આવી ત્યારે તેમણે કહ્યું કે માઓવાદી ચળવળને સંપૂર્ણપણે ખતમ કરવાનું કદાચ ક્યારેય શક્ય નથી. સમાજમાં જ્યાં સુધી અન્યાય અને અસમાનતા હશે ત્યાં સુધી એક કે બીજા સ્વરૂપમાં આવી ચળવળ ચાલતી રહેશે. સામાજિક-આર્થિક બાબતો પર ધ્યાન આપ્યા વગર માત્ર પોલીસ કાર્યવાહીથી આ ચળવળને કચડી શકાશે તેમ માનવું ભૂલ ગણાશે. તેલંગણાના પોલીસ અધિકારીઓએ પણ જણાવ્યું કે આ ચળવળ પાછળનાં સામાજિક-આર્થિક કારણો પર ધ્યાન આપવાની જરૂર છે. માઓવાદી વિસ્તારમાં યુવાનોને સ્કીલ ટ્રેનિંગ આપીને તેમને રોજગાર આપવાની જરૂર છે. એટલું જ નહીં, તેનાથી તેઓ માઓવાદના પ્રભાવમાંથી બચી શકશે. સુરક્ષાદળો પર ક્યારેક હુમલો કરીને માઓવાદીઓ વ્યૂહાત્મક વિજય મેળવતા હશે, પરંતુ ભારત જેવા દેશમાં તેઓ માત્ર અમુક વિસ્તાર પૂરતી હાજરી ધરાવતા હોય ત્યારે માઓવાદીઓ માત્ર સશસ્ત્ર લડાઈથી કેવી રીતે ટકી શકશે?

**(સૌજન્ય: બીબીસી ગુજરાતી)**

# નક્સલવાદીઓના કબજામાંથી જવાનને મુક્ત કરાવનાર:
# બસ્તરના ગાંધી: સ્વાતંત્ર્યસેનાની ધર્મપાલ સૈનીની.

- હિના પટેલ



છત્તીસગઢના બીજાપુરમાં ત્રીજી એપ્રિલના રોજ થયેલા નક્સલવાદી હુમલામાં સુરક્ષા બળના ૨૨ જવાન શહીદ થયા હતા. આ હુમલા બાદ સીઆરપીએફના કોબ્રા કમાન્ડો રાકેશ્વર સિંહ ગુમ થયા હતા. બે દિવસ બાદ જાણ થઇ કે એ જવાન નક્સલવાદીઓના કબજામાં છે. અંતે આઠમી એપ્રિલે નક્સલવાદીઓએ એ જવાનને મુક્ત કર્યો હતો. નક્સલવાદીઓના કબજામાંથી આ જવાનને મુક્ત કરાવવામાં સ્વાતંત્ર્યસેનાની ધર્મપાલ સૈનીની મહત્ત્વપૂર્ણ ભૂમિકા હતી. ધર્મપાલ સૈની એક સેતુની જેમ છે, જે નક્સલવાદીઓ અને સરકાર વચ્ચે સંવાદ સાધવાનો માર્ગ બનાવે છે.

સૌથી પહેલાં આપણા મનમાં એમ સવાલ થાય કે ધર્મપાલ સૈનીમાં એવું શું છે કે જે નક્સલવાદીઓ સરકારની વાત સાંભળતા નથી એ ધર્મપાલ સૈનીની વાત માને છે. વાત જાણે એમ છે કે ધર્મપાલ સૈનીનું આદિવાસી અને નક્સવલાદીઓ વચ્ચે એક સન્માન છે. આ લોકો તેમને આટલું સન્માન કેમ આપે છે તે જાણવા માટે તમારે ધર્મપાલ સૈનીના જીવનમાં ડોકિયું કરવું પડશે. ધર્મપાલ સૈનીને સન્માનથી લોકો 'બસ્તરના ગાંધી' અથવા 'તાઉજી' કહીને બોલાવે છે. સરકારે પણ ધર્મપાલ સૈનીને ૧૯૯૨માં પદ્મશ્રી ઍવોર્ડ આપીને સન્માન કર્યું હતું. ધર્મપાલ સૈની વિનોબા ભાવેના શિષ્ય છે.

એ વાત જાણીતી છે કે છત્તીસગઢના આઠ જિલ્લા નક્સલ પ્રભાવિત છે, તેમાં બીજાપુર, સુકમા, દંતેવાડા, કાંકેર, નારાયણપુર, રાજનંદગાવ, કોંડાગાવ અને બસ્તરનો સમાવેશ થાય છે. અવારનવાર આ વિસ્તારમાં સુરક્ષા બળોના જવાનો અને નક્સલવાદીઓ વચ્ચે મૂઠભેડ થતી રહે છે. આવા સમયે ધર્મપાલ સૈની મધ્યસ્થી માટે આગળ આવે છે. નક્સલવાદીઓના કબજામાંથી રાકેશ્વર સિંહને મુક્તિ મળતાં ફરી એક વાર ૯૧ વર્ષના ધર્મપાલ સૈની ચર્ચામાં આવ્યા છે. છેલ્લા છ દાયકાથી બસ્તરના

આદિવાસીઓના ઉદ્ધાર માટે તેઓ પોતાની જાતને ખર્ચી રહ્યા છે.

મધ્ય પ્રદેશના ધાર જિલ્લાના રહેવાસી ધર્મપાલ સૈનીએ બસ્તરની રાહ પકડી તેની પાછળ પણ એક બનાવ જવાબદાર છે. આ ઘટનાએ જ તેમને બસ્તર જવા માટે પ્રેર્યા હતા. વાત જાણે એમ છે કે ૧૯૬૦ના દાયકામાં ધર્મપાસ સૈનીએ અખબારમાં બસ્તરની યુવતીઓ સાથે જોડાયેલી એક ખબર વાંચી હતી. એ અનુસાર દશેરાના મેળામાંથી પરત ફરતી વખતે અમુક યુવતીઓ સાથે કેટલાક યુવકો છેડતી કરી રહ્યા હતા. આ યુવતીઓએ તે યુવકોનો મુકાબલો કરી તેમના હાથ-પગ કાપીને તેમની હત્યા કરી નાખી. આ બનાવ બાદ ધર્મપાલ સૈનીને વિચાર આવ્યો કે બસ્તરની યુવતીઓ બહાદુર છે. તેમની ઊર્જાને યોગ્ય માર્ગ પર વાળવાની આવશ્યકતા છે. આ વિચાર સાથે તેમણે બસ્તર જવાનો નિર્ણય કર્યો. આ કામ માટે સૌથી પહેલાં તેમણે તેમના ગુરૂ વિનોબા ભાવેની મંજૂરી માગી. વિનોબા ભાવેએ તેમને એક શરત પર ત્યાં જવાની મંજૂરી આપી હતી. વિનોબા ભાવેએ ધર્મપાલ સૈનીને કહ્યું હતું કે તેમણે બસ્તરમાં ઓછામાં ઓછાં દસ વર્ષ સુધી રહેવું પડશે. ૧૯૭૬માં બસ્તરમાં આવેલા ધર્મપાલ સૈની દસ વર્ષ નહીં, પણ જિંદગીભર માટે ત્યાં જ રહી ગયા.

બસ્તરમાં રહેવાનું એટલું સરળ નહોતું. આ વિસ્તારમાં સુવિધાઓના અભાવે અનેક લોકોને બસ્તર છોડવા પર મજબૂર કરી દીધા હતા, પણ ધર્મપાલ સૈની હંમેશાં માટે ત્યાં જ વસી ગયા. ધર્મપાલ સૈનીએ આગ્રા યુનિવર્સિટીમાંથી કોમર્સમાં ગ્રેજ્યુએશન કર્યું હતું. કૉલેજકાળમાં તેઓ એક સારા રમતવીર હતા. બસ્તર આવ્યા બાદ તેમણે જોયું કે અહીંનાં બાળકો થાક્યા વગર ૧૫થી ૨૦ કિ.મી. સુધી ચાલી શકે છે. બસ્તરનાં બાળકોમાં રહેલી આ ખૂબીને જોઇને તેમને સ્પોર્ટ્સની ટ્રેઇનિંગ આપવાનું ધર્મપાલ સૈનીએ શરૂ કર્યું. વર્ષ ૧૯૮૫માં પહેલી વાર તેમના આશ્રમની બાળકીઓએ રમતની પ્રતિસ્પર્ધામાં ઔપચારિક રીતે ભાગ લીધો હતો. એ પછી તો દર વર્ષે ૧૦૦ જેટલી વિદ્યાર્થિનીઓએ વિવિધ પ્રતિસ્પર્ધામાં ભાગ લઇને જીતવાનું શરૂ કરી દીધું. ધર્મપાલ સૈનીના જગદલપુરમાં આવેલા ડિમરાપાલ આશ્રમમાં હજારો મેડલ્સ અને ટ્રોફીઓ છે, જે ધર્મપાલ સૈની અને તેમના શિષ્યોની મહેનતનું ફળ છે. ઉંમરના આખરી પડાવે પહોંચ્યા પછી પણ ધર્મપાલ સૈની ખૂબ કાર્યરત છે. આ ઉંમરે પણ તેઓ જાતે વિદ્યાર્થિનીઓને ટ્રેઇનિંગ આપે છે અને તેમના ખાનપાનનું પણ ધ્યાન રાખે છે. આદિવાસી વિસ્તારમાં સાક્ષરતાનો સ્તર વધારવામાં પણ ધર્મપાલ સૈનીનો સિંહફાળો છે. ધર્મપાલ સૈની જ્યારે બસ્તરમાં આવ્યા હતા ત્યારે અહીં સાક્ષરતાનો દર ૧૦ ટકા પણ નહોતો, આજે તે વધીને ૫૦ ટકાથી ઉપર પહોંચી ગયો છે. અગાઉ આદિવાસી છોકરીઓ શાળામાં જતી નહોતી, પણ આજે અનેક યુવતીઓ મહત્ત્વપૂર્ણ પ્રશાસનિક પદો પર કામ કરી રહી છે. ક્ધયાઓને શિક્ષિત કરવામાં ધર્મપાલ સૈનીએ આપેલા યોગદાન બદલ તેમને પદ્મશ્રી એનાયત કરવામાં આવ્યો હતો. આ જ કારણ છે કે ધર્મપાલ સૈની અહીંના લોકો માટે 'બસ્તરના ગાંધી' બની ગયા છે.

***(સૌજન્ય: મુંબઈ સમાચાર)***

# ગુજરાતમાં કોરોના વાઇરસનો કેર :

### *'હૉસ્પિટલમાં પહેલાં ખાટલો અને પછી વૅન્ટિલેટર ન મળ્યાં'*



સ્મશાનોમાં ચિતાઓ ઠરતી નથી, મૃતદેહો વેઇટિંગમાં છે. ઍમ્બ્યુલન્સો અને શબવાહિનીઓ ઑવરટાઇમ કરી રહી છે. હૉસ્પિટલના સ્ટાફે ત્યાં જ પોતાનું ઘર બનાવી લીધું છે. કેટલાકને સારવાર માટે હૉસ્પિટલમાં બેડ નથી મળતી અને સીધી મરણપથારી જ મળે છે.

આ દૃશ્યો તાજેતરમાં કોરોનાને કારણે ઊભી થયેલી પરિસ્થિતિનાં છે. છેલ્લા એક વર્ષથી રાજ્યમાં કોરોનાની સ્થિતિ પ્રવર્તમાન છે અને આ સ્થિતિ દિવસે અને દિવસે વિકરાળ બની રહી છે.એવા કેટલાય લોકો છે, જેમને મૃત્યુ એટલા માટે મળ્યું, કેમ કે તેમને કાં તો સમયસર ઓક્સિજન, વૅન્ટિલેટર કે હૉસ્પિટલમાં પથારી સુધ્ધાં ન મળ્યાં.

જોકે, સરકારનું કહેવું છે કે બધી વ્યવસ્થાઓ પૂરતી છે અને પ્રોટોકોલ પ્રમાણે દરદીઓનું ધ્યાન રાખવાનું છે એમાં મોડું થતું હોય છે. બુધવાર સાંજની સ્થિતિ પ્રમાણે રાજ્યમાં 39 હજાર 250 દરદી હતા, જેમાંથી 250 વૅન્ટિલેટર પર હતા. રાજ્યમાં કુલ મૃત્યુઆંક ચાર હજાર 995 ઉપર પહોંચ્યો છે.

અમદાવાદના સિવિલ હૉસ્પિટલ બહાર ઍમ્બ્યુલન્સની લાંબી લાઇનો હજી પણ લાગી રહી છે. 108 ઇમર્જન્સી સેવાના વડા જણાવે છે કે ઍમ્બ્યુલન્સની લાંબી કતારો લાગી રહી છે, કારણકે વેઇટિંગ ટાઇમ વધતો જઈ રહ્યો છે. તેઓ કહે છે કે છેલ્લા દસ દિવસથી ઇમર્જન્સી કેસનો ફ્લો વધ્યો છે,

દરરોજ 4500 કેસ નોંધાઈ રહ્યા છે. જે પૈકી મોટાભાગના કોવિડ દરદીઓ હોવાનું તેઓ જણાવે છે. તેમનું કહેવું છે કે 60 વધારાની ઍમ્બ્યુલન્સ કાર્યરત્ કરવામાં આવી છે.

## ઉત્તરાખંડના મુખ્યમંત્રી તીરથ સિંહ રાવતનું વિવાદાસ્પદ નિવેદન:
## કુંભમાં મા ગંગાની કૃપાથી કોરોના નહીં ફેલાય, મરકઝ સાથે તુલના કરવી ખોટી છે.



ઉત્તરાખંડના મુખ્યમંત્રી તીરથ સિંહ રાવત ફરી એક વખત વિવાદોમાં જોવા મળી રહ્યા છે. આ વખતે તેમણે કુંભ અને કોરોનાને લઈને ભાંગરો વાટ્યો છે. તેમણે કહ્યું હતું કે કુંભમાં મા ગંગાની કૃપાથી કોરોના નહીં ફેલાય. કુંભ અને મરકઝની તુલના કરવી ખોટું છે. રાવતના જણાવ્યા મુજબ, ગત વર્ષે દિલ્હીના નિઝામુદ્દીન મરકઝથી કોરોના બંધ રૂમમાંથી ફેલાયો, કેમ કે ત્યાં બધા જ લોકો એક રૂમમાં જ હાજર હતા, જ્યારે હરિદ્વારમાં કુંભક્ષેત્ર નીલકંઠ અને દેવપ્રયાગ સુધીના ખુલ્લા વાતાવરણમાં આયોજિત છે. કુંભમાં ઊમટેલી લાખોની ભીડ અને કોરોના ગાઈડ લાઈન્સનું પાલન ન હોવાને કારણે ઊઠી રહેલા સવાલો પર રાવતે કહ્યું કે 'હરિદ્વારમાં 16થી વધુ ઘાટ છે. તેની તુલના મરકઝ સાથે ન કરી શકાય.' કુંભમાં ત્રીજું શાહી સ્નાન ચાલી રહ્યું છે. આ પહેલાં થયેલા શાહી સ્નાનમાં કોરોના ગાઈડલાઈન્સના ધજાગરા ઊડતા જોવા મળ્યા હતા.શાહી સ્નાનમાં 35 લાખથી વધુ લોકો સામેલ થયા હતા, જેમાંથી 18,169 લોકોની તપાસ થઈ, તેમાંથી 1002 લોકો સંક્રમિત મળ્યા હતા. પ્રશાસનનો દાવો છે કે કુંભમાં તે શ્રદ્ધાળુઓને જ એન્ટ્રી આપવામાં આવે છે, જેમની પાસે RT-PCRનો નેગેટિવ રિપોર્ટ છે, પરંતુ ગ્રાઉન્ડ લેવલ પરની હકીકત અલગ જ છે. કેન્દ્ર સરકાર પહેલાં જ કહી ચૂકી છે કે કુંભ કોરોનાના સુપર સ્પ્રેડર બની શકે છે. રાજ્યને સાવધાની રાખવી જોઈએ.

મહારાષ્ટ્ર સરકારના મંત્રી અને NCPના પ્રવક્તા નવાબ મલિકે કહ્યું હતું કે કુંભ અને ચૂંટણી રેલીઓને કારણે મહામારીની સ્થિતિ વધુ વણસી શકે છે.

કોંગ્રેસનેતા અને મંત્રી અસલમ શેખનું કહેવું છે કે રાજ્ય સરકારે હરિદ્વારથી પરત ફરનારાઓ માટે ગાઈડલાઈન્સ નક્કી કરવી પડશે.

લોકો પૂછી રહ્યા છે કે ગત વર્ષે 10-12 માર્ચે દિલ્હીના નિઝામુદ્દીન મરકઝમાં એકઠી થયેલી જમાત પર સરકારથી લઈને જનતા સુધીના લોકોએ નિશાન સાધ્યું હતું. તેમને સુપર સ્પ્રેડર કહેવામાં આવ્યા હતા. તબલીગીના કાર્યક્રમમાં 2,000થી ઓછા લોકો એકઠા થયા હતા, જ્યારે કુંભમાં લાખો લોકો ભેગા થયા છે, કોરોનાને લઈને જાહેર ગાઈડલાઈન્સના ખુલ્લેઆમ ધજાગરા ઊડી રહ્યા છે, પરંતુ આ મુદ્દે લોકો વાત કરવાનું ટાળી રહ્યા છે.

***(સૌજન્ય: દિવ્યભાસ્કર)***

# એક વેળાનો ભૂખ્યોતરસ્યો આજે બીજાને ભોજન પૂરું પાડે છે.

- મુકેશ પંડ્યા




મધ્ય પ્રદેશના એક નાનકડા ગામ સિકંદમાં રહેતો શિવમ સોની એન્જિનિયરિંગનું જ ભણતો હતો, પરંતુ એ અભ્યાસ ન ફાવતાં ૨૦૧૬માં તેણે ભણવાનું છોડી દીધું. તેણે મિત્રો પાસેથી રૂપિયા ૨૦,૦૦૦ ઉધાર લઇ એક રેસ્ટોરાં શરૂ કરી. આ રેસ્ટોરાં સારી ચાલતી હતી. તે સારો એવો નફો પણ રળી લેતો હતો, પણ આ ખુશી લાંબો સમય ન ટકી. ૨૦૧૮માં આ ૨૪ વર્ષના શિવમને સોરાયસીસ નામનો ચામડીનો રોગ થયો જે શરીરનાં ઘણાં અંગોમાં ફેલાવા લાગ્યો. તેની સારવાર ચાલતી હતી ત્યારે જ ડૉક્ટરોએ સલાહ આપી કે તેણે ખાદ્ય પદાર્થો ધરાવતા રેસ્ટોરાંના વ્યવસાયથી દૂર રહેવું જોઇએ જેની અસર તમામના સ્વાસ્થ્ય ઉપર થતી હોય છે.

આમ સારવાર દરમ્યાન તે પોતાની રેસ્ટોરાંમાં હાજર રહી શકતો ન હતો. પૂરતું ધ્યાન ન આપી શકાતાં તેના ધંધામાં આવક ઓછી થતી ગઇ અને ખરચા વધવા લાગ્યા. ઉધારી વધતી ગઇ અને બે વર્ષમાં તો તેને માથે દેવાનો ડુંગર ખડકાઇ ગયો હતો. ૨૦૨૦ સુધીમાં તો તેનું દેવું વધીને રૂપિયા ૧૮ લાખ પર પહોંચી ગયું. છેવટે તેણે રેસ્ટોરાં બંધ કરી દેવાનો નિર્ણય કર્યો. ત્યાર બાદ કોરોનાના કહેરે તો એને વધુ વિચલિત કરી દીધો. એ હતાશામાં સરી પડ્યો. એને આપઘાત કરવાના પણ વિચાર આવતા હતા. તેણે આત્મહત્યા તો ન કરી, પણ એક દિવસ ઘરેથી ભાગી ગયો. કોરોના કાળમાં પ્રવાસની ઘણી પાંબદી હતી. તેને એક છેલ્લી બસ મળી તે ઇન્દોર જતી હતી. આ બસમાં બેઠો ત્યારે એના ખિસ્સામાં માત્ર ૫૦૦ રૂપિયા હતા. ૪૦૦ કિ.મી. દૂર ઇન્દોર પહોંચીને તેણે ઘરે એક ચિઠ્ઠી મોકલી જેમાં લખી દીધું હતું કે ઘરવાળા તેને શોધવાનો પ્રયત્ન ન કરે. અત્યારે તો તેને કંઇ સમજ પડતી નથી કે તેણે જિંદગી કેવી રીતે જીવવી.
ઇન્દોરમાં પણ લૉકડાઉન ચાલતું હતું. તેણે જ્યાં ત્યાંથી મળેલાં ફૂડ પેકેટ્સ કે પછી લંગરમાંથી મળતું ભોજન ખાધું. રેલવે સ્ટેશનો પર રાતો ગાળી. પણ આ જિંદગીએ તેને શીખવાડી દીધું કે જિંદગીની અને ખોરાકની કેટલી કિંમત છે.તેણે મરવાનો વિચાર માંડીને એવું નક્કી કર્યું કે ભવિષ્યમાં એવું કંઇક કરું જેથી ભોજનના એક એક કોળિયા માટે તરસતા લોકોને મદદ કરી શકાય.

ખિસ્સામાં પૈસા હતા એ હવે ખૂટી જવા આવ્યા હતા. તેણે નોકરી કરવાનો વિચાર કર્યો. એક મહિના સુધી તેના નોકરી મેળવવાના તમામ પ્રયત્નો નિષ્ફળ ગયા, પણ આખરે એક સરકારી હોસ્પિટલમાં વૉચમેનની નોકરી મળી ખરી. કેન્ટીનમાં ખાઇ લેવું અને મહિને રૂપિયા ૬૦૦૦નો પગાર. તેનું નસીબ જાણે ઊઘડવા લાગ્યું હોય તેમ તેને એક રહેણાક સોસાયટીમાં ૮૦૦૦ના પગારવાળી વૉચમેનની નોકરી પણ મળી. આમ ઓવરટાઇમ કરીને તે સારું એવું કમાવા લાગ્યો અને તેના ખાવા, પીવા તેમ જ સૂવાની ચિંતા પણ ટળી. સુખની શરૂઆત થતાં જ તેણે પહેલું કામ તેની માતા અને તેના બે ભાઇને પત્ર લખવાનું કર્યું. તેણે પોતાની સુખાકારીના સમાચાર આપ્યા. તેના ઘરે તો શિવમના ગુમ થવાની પોલીસમાં ફરિયાદ પણ નોંધાવી હતી. શિવમે તેમને વચન આપ્યું કે તે એક દિવસ વધુ મજબૂત થઇને ઘરે પાછો ફરશે.

દિવાળી વખતે તેેને સામાચાર મળ્યા કે તેના ઘરવાળાઓએ દેવું ભરપાઇ કરવા ઘર વેચી દીધું છે. તેઓ શિવમને ઘરે બોલાવતા હતા, પણ શિવમ ઘરે ન ગયો. તે કંઇક કરી બતાવીને જ ઘરે પાછો ફરવા માગતો હતો. દિવાળી બાદ તેણે બચાવેલા રૂપિયા ૨૫,૦૦૦માંથી એક જગ્યા ભાડે લઇને હંગર લંગર નામે રેસ્ટોરાં ચાલુ કરી. જોકે, તેનો ઉદ્દેશ કમાવાનો બિલકુલ ન હતો.

ગત વર્ષો દરમ્યાન ભૂખ શું ચીજ છે તેનો તેને ખૂબ અનુભવ હતો એટલે લોકોને સારું ખાવાનું સસ્તામાં મળી રહે તેવા પ્રયત્નો તેણે કર્યા. ૧૦ રૂપિયામાં તે વડાપાંઉ, મેદુવડા, બિરયાની અને મસાલા ઢોસા પણ વેચવા લાગ્યો અને ભોજનની થાળી તેણે ૩૦ રૂપિયામાં આપવા માંડી. દર ગુરુવારે તે જરૂરતમંદોને મફતમાં ભોજન આપવા માંડ્યો. લંગર શબ્દ ગુરુદ્વારા સાથે સંકળાયેલો હોવાથી પણ વધુ ને વધુ લોકો તેને ત્યાં આકર્ષાતા હતા. વળી ભોજનની કિંમત ભલે ઓછી હોય પણ તેની ગુણવત્તા સાથે તેણે ક્યારેય સમાધાન કર્યું ન હતું. ધીરે ધીરે તેણે બધી ચીજોના ભાવ એવા રાખવા માંડ્યા કે કેટલીક ચીજોમાં ખોટ જાય તો કેટલીકમાં કમાઇ પણ લે. આમ કરવાથી તેનો જીવનનિર્વાહ પણ થવા લાગ્યો. તે કહે છે કે મારી વધુ કમાવાની લાલચ અને ભૌતિક સુખોના ઉપભોગની લાલસા મરી પરવારી છે. ભૂખ્યાઓના ભોજન બનવાની ઇચ્છા વધતી જાય છે તેથી આ ભોજન ઉદ્યોગમાં તો હું કંઇ વધુ પડતું કમાવાની લાલચ નથી રાખતો. પણ મારી આવક વધારવા હું અન્ય કામ કરવા વિચારી રહ્યો છું. હું એડવર્ટાઇઝિંગ કે માર્કેટિંગના કામમાં નોકરી મેળવવાનો વિચાર કરી રહ્યો છું. યુ ટ્યુબ પર કૂકિંગ શિખવાડવાનો પણ મારો વિચાર છે. મને હોટેલ મેનેજમેન્ટનો ડિગ્રી કોર્સ કરવાની પણ ઇચ્છા છે.

તેની માતા પણ કહે છે, 'ધંધો ભાંગી પડવાથી તે ઘર છોડીને ચાલી ગયો ત્યારે અમે ખૂબ ચિંતામાં હતાં, પરંતુ ત્યાર બાદ એ વધુ હિંમતવાન અને મજબૂત થયો છે. મને ખાતરી છે કે તે એક દિવસ તેના તમામ ઉદ્દેશને પાર પાડશે.'

ચાલો, આપણે પણ ભોજનની ખરી કિંમત સમજનાર આ ગરીબ દાતાને શુભેચ્છા આપીએ.

**(સૌજન્ય: મુંબઈ સમાચાર)**




# પ્રિન્સ ફિલિપની વિદાય

## 99 વર્ષ, 143 દેશ અને એક પ્રસિદ્ધ પત્ની

*પ્રિન્સ ફિલિપ, ડ્યુક ઑફ ઍડિનબર્ગનું 99 વર્ષની વયે અવસાન થયું છે. કદાચ તેઓ દુનિયાના સૌથી પ્રખ્યાત પતિ હતા. તેમણે તેમના જીવનના સાત દાયકા તેમનાં પત્ની, બ્રિટનનાં ક્વીન ઍલિઝાબેથ દ્વિતીયની છાયામાં વિતાવ્યા હતા, પણ તેમનું વ્યક્તિત્વ એટલું પ્રબળ હતું કે તેઓ ક્યારેય માત્ર પતિ બની રહ્યા ન હતા. તો રાણી સાથે રહેનારા પ્રિન્સ ફિલિપ કોણ હતા અને રાણી સાથે તેમનાં લગ્ન કઈ રીતે થયાં હતાં?*

***ક્યારેય પતિ ખરા, પણ રાજા નહીં:***



*જન્મ: જૂન 10, 1921 * અવસાન: એપ્રિલ 10, 2021*

સૌથી પહેલાં મહત્ત્વની વાતઃ પ્રિન્સ ફિલિપ તરીકે પણ ઓળખાતા ડ્યુક રાજગાદીના સીધા વારસદાર ક્યારેય ન હતા અને તેમને રાજાની પદવી ક્યારેય મળી ન હતી, પણ તેમના મોટા પુત્રને રાજગાદીનો વારસો મળશે.તેનું કારણ એ છે કે બ્રિટનમાં જે સ્ત્રી રાજાને પરણે તેઓ મહારાણીની ઔપચારિક પદવીનો ઉપયોગ કરી શકે છે, પણ જે પુરુષ રાણીને પરણે તેઓ રાજાની પદવીનો ઉપયોગ કરી શકતો નથી.

તેનો ઉપયોગ રાજ પરિવારના પુરુષો જ કરી શકે છે. ક્વીન ઍલિઝાબેથ અને પ્રિન્સ ફિલિપનાં ચાર સંતાનોમાં પ્રિન્સ ચાર્લ્સ (વય 72 વર્ષ), પ્રિન્સેસ એન (70), પ્રિન્સ એન્ડ્રૂ (61) અને પ્રિન્સ એડવર્ડ (57)નો સમાવેશ થાય છે.

તેઓ યુવાન હતા ત્યારે ફિલિપ તેમની પાસે પોતાનું ધાર્યું કરાવતા હતા. રાજવી પરિવારનાં જીવનચરિત્ર લેખિકા ઈન્ગ્રિડ સેવાર્ડે પ્રિન્સ એન્ડ્રૂને બાળપણમાં એવું કહેતા ટાંક્યા હતા કે "અમને કરુણા ક્વીન પાસેથી મળી છે અને કર્તવ્યભાવના તથા શિસ્ત તેમની (પ્રિન્સ ફિલિપ) પાસેથી મળ્યાં છે."

પોતાના પિતા રાતે ઊંઘવાના સમયે કેવી ઘડી કાઢેલી વાર્તાઓ સંભળાવતા હતા કે તેમનાં બાળકો રૂડયાર્ડ કિપ્લિંગની જસ્ટ સો સ્ટોરીઝ વાંચે ત્યારે સાંભળતા હતા, એ પણ એન્ડ્રૂને યાદ છે.

પ્રિન્સ ફિલિપ તેમના દીર્ઘ જીવનકાળમાં આઠ પૌત્ર-પૌત્રીઓને મોટાં થતાં જોયા હતા અને 10 પ્રપૌત્રો-પ્રપૌત્રીઓના આગમનના સાક્ષી પણ બન્યા હતા.

### *તેમણે જીવનની શરૂઆત ક્યાંથી કરી હતી?*



*પ્રિન્સેસ એલિસ અને પ્રિન્સ ફિલિપ, ગ્રીસ છોડ્યા પછી*

રસપ્રદ વાત એ છે કે ફિલિપની બકિંઘહામ પૅલેસ સુધીની યાત્રા 1922માં નારંગી મૂકવાના એક બૉક્સમાંથી બનાવેલા ઘોડિયાથી શરૂ થઈ હતી. તેમનો જન્મ 1921ની 10 જૂને ગ્રીસના કોર્ફૂ ટાપુમાં થયો હતો. તેઓ ગ્રીસના પ્રિન્સ એન્ડ્રૂ અને બટેનબર્ગનાં પ્રિન્સેસ એલિસના સૌથી નાના સંતાન અને એકમાત્ર પુત્ર હતા.

એ વારસાને કારણે તેઓ ગ્રીસ તથા ડેન્માર્કના પ્રિન્સ બન્યા હતા, પણ એ પછીના વર્ષે બળવા બાદ તેમના પરિવારનો ગ્રીસમાંથી દેશનિકાલ કરવામાં આવ્યો હતો. એક બ્રિટિશ યુદ્ધજહાજે તેમને સહીસલામત ઈટાલી પહોંચાડ્યા હતા અને નાના ફિલિપ એ પ્રવાસ દરમિયાન ફળોની ટોપલીમાં ઊંઘતા રહ્યા હતા.

### *તેમનો ઉછેર કેવી રીતે થયો હતો?*



*તેમની તરુણાઈનાં વર્ષો એક સ્કોટિશ બોર્ડિંગ સ્કૂલ ગોર્ડન્સ્ટાઉનમાં પસાર થયાં હતાં.*

ફિલિપનું બાળપણ ખંડિત હતું અને પારાવાર હતાશાથી ઘેરાયેલું રહ્યું હતું.  1930માં તેઓ આઠ વર્ષના હતા ત્યારે સખત નર્વસ બ્રેકડાઉનનો ભોગ બનેલાં તેમનાં માતાને એક સલામત મનોરોગ ચિકિત્સા કેન્દ્રમાં દાખલ કરવા પડ્યાં હતાં.

એ પછીનાં વર્ષોમાં ફિલિપની તેમનાં માતા-પિતા સાથે જૂજ મુલાકાત થઈ હતી.

તેમના પિતાએ ફ્રાન્સમાં એક નદીકિનારે એક મહિલા સાથે રહેવાનું નક્કી કર્યું હતું. બાદમાં તેમનાં માતાના બ્રિટનસ્થિત સગાંઓએ ફિલિપના ઉછેરમાં મદદ કરી હતી. બાદમાં તેમણે માઉન્ટબેટન અટક અપનાવી હતી, જે તેમના પારિવારિક નામ બટ્ટેનબર્ગનું અંગ્રેજી સ્વરૂપ હતી. તેમની તરુણાઈનાં વર્ષો એક સ્કોટિશ બોર્ડિંગ સ્કૂલ ગોર્ડન્સ્ટાઉનમાં પસાર થયાં હતાં. તેના સ્થાપક અને હેડમાસ્ટર શિક્ષણ ક્ષેત્રના જ્યુ અગ્રણી કર્ટ હાન હતા. નાઝીઓની ટીકા કરવા બદલ કર્ટ હાનને જર્મનીમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. સ્કૂલે ફિલિપનું ઘડતર કર્યું અને તેમનામાં આત્મનિર્ભરતાનું પોષણ કર્યું.

પ્રાચીન ગ્રીસના સ્પાર્ટાના લોકો જેવી જીવનશૈલીના પાઠ ભણાવવામાં આવતા હોવાથી સ્કૂલના વિદ્યાર્થીઓ વહેલી સવારે ઊઠીને ટાઢાબોળ પાણીથી સ્નાન કરતા અને લાંબી દોડ માટે નીકળી પડતા હતા.

એ તાલીમ કિશોરાવસ્થાના "ઝેરીલા ઝનૂન" સામે ટક્કર લઈ શકશે એવું હાન માનતા હતા.

ફિલિપનાં ચાર બહેનો પૈકીના એક સેસિલ તેમના જર્મન પતિ, સાસુ તથા બે દીકરાઓ સાથે 1937માં એક વિમાન અકસ્માતમાં મૃત્યુ પામ્યાં હતાં. સેસિલ એ વખતે પ્રેગ્નન્ટ હતાં.

સેસિલ જર્મની પર લગભગ સંપૂર્ણ અંકુશ ધરાવતી નાઝી પાર્ટીમાં થોડા સમય પહેલાં જ જોડાયાં હતાં. સેસિલના મૃત્યુ સમયે ફિલિપ 16 વર્ષના હતા.હિટલરના જયજયકારની સલામી આપતા લોકો વચ્ચેથી લઈ જવાતા બહેનના કોફિનની પાછળ શોકસંતપ્ત ફિલિપ ચાલતા રહ્યા હતા.

એ સમયને યાદ કરતાં પ્રિન્સ ફિલિપે બાદમાં કહ્યું હતું કે "ખરેખર આવું જ બન્યું હતું. પરિવાર વિખેરાઈ ગયો હતો. મારાં માતા બીમાર હતાં, મારી બહેનોનાં લગ્ન થઈ ગયાં હતાં, મારા પિતા ફ્રાન્સની દક્ષિણે હતા. મારે એ બધામાંથી આગળ વધવાનું હતું. વધવું જ પડે. છૂટકો નથી."

### *ફિલિપ અને મહારાણીનો પ્રેમ*

ફિલિપનું શાળા શિક્ષણ પૂરું થયું ત્યારે બ્રિટન અને જર્મની વચ્ચે યુદ્ધ શરૂ થવાની તૈયારીમાં હતું.

તેઓ ડર્ટમાઉથ ખાતેની બ્રિટાનિયા રૉયલ નેવલ કૉલેજમાં જોડાયા હતા. નેવલ એકૅડેમીમાં તેઓ તેજસ્વી કૅડેટ પુરવાર થયા હતા અને સર્વોચ્ચ ક્રમાંક સાથે ગ્રેજ્યુએટ થયા હતા.

કિંગ જ્યોર્જ પંચમ જુલાઈ-1939માં સત્તાવાર મુલાકાતે આવ્યા ત્યારે તેમની યુવાન દીકરીઓ પ્રિન્સેસ ઍલિઝાબેથ તથા પ્રિન્સેસ માર્ગારેટને ખુશ રાખવાની જવાબદારી ફિલિપને સોંપવામાં આવી હતી.

બન્ને દીકરીઓના વાલી તરીકે કાર્યરત તેમની આયા મેરિઓન ક્રાફર્ડે બાદમાં એ દિવસોને યાદ કરતાં જણાવ્યું હતું કે ફિલિપે "બહુ મોટું કામ કર્યું હતું."

ફિલિપ 13 વર્ષનાં ઍલિઝાબેથના મનમાં વસી ગયા હતા. પ્રિન્સ ફિલિપે હિન્દ મહાસાગરમાં સૌપ્રથમ વખત લશ્કરી કાર્યવાહી પર ધ્યાન આપીને બીજા વિશ્વયુદ્ધમાં ઉત્કૃષ્ટ ફરજ બજાવી હતી.

ઑક્ટોબર-1942માં તેઓ 21 વર્ષના હતા અને રૉયલ નૅવીના સૌથી નાની વયના લેફ્ટનન્ટ્સ પૈકીના એક બની ગયા હતા.

તરુણ વયનાં રાજકુમારી અને નૌકાદળના અધિકારી એકમેકની સાથે પત્રો દ્વારા સંપર્કમાં રહેતાં હતાં. ફિલિપ રાજવી પરિવાર સાથે થોડો સમય રહ્યા હતા. પછી 1943ની ક્રિસમસ વખતે નૌકાદળના યુનિફોર્મમાં સજ્જ ફિલિપનો ફોટોગ્રાફ ઍલિઝાબેથના રૂમના ટેબલ પર જોવા મળ્યો હતો. અંતર્મુખી પણ દૃઢનિશ્ચય યુવતીનો એ નિર્ણાયક સંકેત હતો. કેટલાક સહાયકોને શંકા હતી. સાંભળેલી વાતો અનુસાર, (કેમ કે એકથી વધુ અધિકારીઓએ એવું કહ્યું હતું) પ્રિન્સ "અજબ છે, અશિક્ષિત છે અને વફાદાર સાબિત નહીં થાય."



*1947માં પ્રિન્સેસ એલિઝાબેથ અને ભાવિ પતિ સાથે*

જોકે, ટીકાખોરો ભાવિ મહારાણીના નિશ્ચયને ડગાવી શક્યા ન હતા.

જીવનચરિત્ર લેખક ફિલિપ એડેના જણાવ્યા મુજબ, ફિલિપના 1946ના પત્રોમાં જીવનના નવા અર્થ સાથેનો એક ઉત્સાહી યુવાન જોવા મળે છે.

તેમણે તેમના ભાવિ સાસુને લખ્યું હતું કે "મારા જીવનમાં જે કંઈ સારું બન્યું છે તેને હું લાયક નથી તેની મને ખાતરી છે. યુદ્ધમાં બચી જવું અને વિજયના સાક્ષી બનવું, વિશ્રામની તક મળવી અને જીવન સાથે ફરી તાદાત્મ્ય સાધવું, સંપૂર્ણપણે અને નિઃશંક પ્રેમમાં પડવું. આ બધાની સામે વ્યક્તિગત અને દુનિયાભરની તકલીફો પણ નાની તથા વામણી લાગે." કિંગ જ્યોર્જે તેમની પુત્રી સાથે પરણવાની પરવાનગી ફિલિપને આપી હતી, પણ એ પહેલાં તેમણે કેટલાક ફેરફાર કરવાના હતા.

ગ્રીસ તથા ડેન્માર્કના તત્કાલીન રાજકુમાર બ્રિટનનો હિસ્સો બની ગયા હતા. તેઓ ચર્ચ ઑફ ઇંગ્લેંન્ડ સાથે જોડાયા હતા અને તેમણે તેમની વિદેશી પદવીઓ છોડી દીધી હતી.

1947ની 20 નવેમ્બરે તેમનાં લગ્નના દિવસે તેમને ઍડિનબર્ગના ડ્યુક બનાવવામાં આવ્યા હતા.

એ ઍડિનબર્ગના ડ્યુકના નામે તેઓ આજીવન ઓળખાતા રહ્યા હતા. લગ્ન સમયે તેમની વય 26 વર્ષ અને તેમનાં પત્નીની વય 21 વર્ષ હતી.

રાજવી દંપતીનાં લગ્નને ચાર વર્ષ થયાં ત્યારે એક જવાબદારી આવી પડી. એ સમય દરમિયાન તેમને બે સંતાન થયાં હતાં.

કૉમનવેલ્થના 1952ના પ્રવાસ દરમિયાન તેઓ કેન્યાની એક ગેમ લોજમાં હતા ત્યારે તેમને માઠા સમાચાર મળ્યા હતા. ઍલિઝાબેથના પિતા કિંગ જ્યોર્જ પંચમનું 56 વર્ષની વયે અવસાન થયું હતું. ઍડિનબર્ગના ડ્યુકના મિત્ર તથા અંગત સચિવ કમાન્ડર માઈકલ પાર્કરે એ પળનું વર્ણન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે "તેમની માથે અરધું આભ તૂટી પડ્યું હોય એવા તેઓ લાગતા હતા. મારા જીવનમાં કોઈના માટે હું એટલો દિલગીર થયો નથી. તેઓ



*બાળકો સાથે 1950 માં પ્રિન્સેસ એલિઝાબેથ અને પ્રિન્સ ફિલિપ*

જોરદાર આઘાત લાગ્યો હોય તેમ જોરથી શ્વાસ લેતા હતા. તેમને તત્કાળ સમજાઈ ગયું હતું કે શાંતિભર્યા આનંદમય સહજીવનનો અંત આવી ગયો છે."

ફિલિપની નૌકાદળ સંબંધી આંકાક્ષા પર અંકુશ લાગી ગયો. પતિ ફિલિપ નવા રાણી ઍલિઝાબેથની સતત સાથે હોય એ જરૂરી હતું.

ડ્યુક ઑફ ઍડિનબર્ગને 'ક્વીન્સ કૉન્સોર્ટ' કહેવાયા. તેમનું મુખ્ય કામ તેમનાં પત્નીને કામકાજમાં ટેકો આપવાનું હતું.

ફિલિપનો આગ્રહ હતો કે રાજવી પરિવાર તેમની માઉન્ટબેટન અટક અપનાવી લે. 1950ના દાયકાના આરંભે શરૂ થયેલો વિવાદ લાંબો ચાલ્યો હતો.

ક્વીન ઍલિઝાબેથને વિન્ડસર જાળવી રાખવાનું કહેવામાં આવ્યું ત્યારે ગુસ્સે થયેલા ફિલિપે કહ્યું હતું કે "આ દેશમાં હું એક જ એવો પુરુષ છું, જે પોતાની અટક તેનાં બાળકોને આપી શકતો નથી."

પોતાના માટે નક્કી કરાયેલી મર્યાદિત ભૂમિકામાંથી નવો અર્થ શોધવા માટે ફિલિપ સંઘર્ષ કરતા રહ્યા હતા, પણ વ્યવહારુ સ્વભાવવાળી વ્યક્તિ તરીકે તેઓ બકિંઘહામ પૅલેસની ચુસ્ત પરસાળોમાં તાજી હવા ફૂંકવા કટિબદ્ધ હતા.

### *ફિલિપે રાજાશાહીને કેવી રીતે બદલી?*

પોતાના પરિવારને ગ્રીસમાંથી બળજબરીપૂર્વક હાંકી કાઢવામાં આવ્યો હતો એ ડ્યુક ક્યારેય ભૂલ્યા ન હતા.

તેઓ માનતા હતા કે રાજાશાહીએ અસ્તિત્વ ટકાવવા પરિસ્થિતિને અનુકૂળ થવું જોઈએ.

સમાજના વિવિધ વર્ગના લોકોને ક્વીન ઍલિઝાબેથ મળી શકે એટલા માટે તેઓ ઔપચારિક ભોજન સમારંભનું આયોજન કરતા હતા.

રાજવી પરિવારના ભોજન માટે રાજમહેલમાં એક અલગ રસોડું કાર્યરત છે એવું જાણવા મળ્યું ત્યારે ફિલિપે એ રસોડું બંધ કરાવી દીધું હતું.

કેટલાક ફેરફાર વધારે અંગત હતા અને તેમાં ઉપકરણો પ્રત્યેના તેમના પ્રેમનું પ્રતિબિંબ જોવા મળતું હતું.

તાજપોશી પહેલાં ફિલિપ અને ભાવિ મહારાણી 1949માં ક્લેરેન્સ હાઉસમાં આવ્યાં ત્યારે તેમણે પરિશ્રમનું પ્રમાણ ઘટાડતા સંખ્યાબંધ સાધનો ઈન્સ્ટોલ કરાવ્યાં હતાં. એક ઉપકરણ એવું હતું કે જેમાં એક બટન દબાવવાથી વોર્ડરોબમાંથી સૂટ બહાર આવી જતો હતો.

ડ્યુકે રૉયલ ફેમિલી નામની બીબીસીની 90 મિનિટની એક ડૉક્યુમૅન્ટરી ફિલ્મને ટેકો આપ્યો હતો. 1969માં પ્રસારિત કરાયેલા એ ફિલ્મને ટેલિવિઝન ક્ષેત્રે એક સીમાચિહ્નરૂપ ગણવામાં આવે છે.

એ ફિલ્મમાં ક્વીન ઍલિઝાબેથ શાહી અશ્વોને ગાજર ખવડાવતાં, ટેલિવિઝન નિહાળતાં અને બાલ્મોરલ પૅલેસના બાર્બેક્યૂ પાસે પ્રિન્સેસ એન સોસેજ બનાવતાં હોય ત્યારે સલાડ વિશે ચર્ચા કરતાં જોવા મળે છે.

ફિલિપે બકિંઘહામ પૅલેસમાં ઈન્ટરકૉમ ઈન્સ્ટોલ કરાવ્યાં હતાં, જેથી ફિલિપના લેખિત સંદેશા રાણી ઍલિઝાબેથને પહોંચાડવા નોકરોએ વારંવાર જવું ન પડે. તેઓ પોતાનો સામાન સાથે રાખતા હતા અને પોતાના રૂમમાં પોતાનો બ્રેકફાસ્ટ ઈલેક્ટ્રિક ફ્રાઈંગ પેન પર જાતે બનાવતા હતા. રાણી ઍલિઝાબેથે તેની વાસ સામે વાંધો લીધો પછી તેમણે રૂમમાં બ્રેકફાસ્ટ રાંધવાનું બંધ કર્યું હતું.

### *તેઓ કઈ રીતે સમય પસાર કરતા હતા?*

બ્રિટનના ઇતિહાસમાં રાજવીના સૌથી લાંબા સમયના સહચર તરીકે પ્રિન્સ ફિલિપે 22,191 બેઠકોમાં ભાગ લીધો હતો.2017માં રૉયલ ડ્યૂટીમાંથી નિવૃત્ત થયા બાદ તેઓ 780થી વધુ સંગઠનોના પુરસ્કર્તા, પ્રમુખ કે સભ્ય હતા એવું કહેવાય છે.

ક્વીન સાથે કૉમનવેલ્થ દેશોના વિશ્વભ્રમણ દરમિયાન તેમણે 143 દેશોની સત્તાવાર મુલાકાત લીધી હતી અને ફ્રેન્ચ તથા જર્મન ભાષા પરના પ્રભુત્વનો ઉપયોગ કર્યો હતો.

દક્ષિણ પેસિફિકના ટાપુ રાષ્ટ્ર વેનુઆતુમાં એક રેઈનફોરેસ્ટ સમુદાયના લોકો તેમને પુનર્જન્મ પામેલા પ્રાચીન યોદ્ધા તરીકે પૂજે છે.

તેમણે કરેલાં કામોમાં સૌથી વધારે યાદગાર ડ્યુક ઑફ ઍડિનબર્ગ ઍવૉર્ડ છે. ફિલિપે તેમના ભૂતપૂર્વ હેડમાસ્ટર કર્ટ હાનના કહેવાથી 1956માં આ ઍવૉર્ડની શરૂઆત કરી હતી.  14થી 25 વર્ષની વયના લોકો સ્વૈચ્છિક કામ કરીને, શારીરિક પ્રવૃત્તિ તથા કૌશલ્ય મેળવીને અને પર્વતારોહણ કે સમુદ્રપ્રવાસ ખેડવા જેવાં સાહસ કરીને આ ઍવૉર્ડ જીતી શકે છે. 2016માં 130થી વધુ દેશો-પ્રદેશોના 13 લાખ યુવાઓએ આ સ્કીમમાં ભાગ લીધો હતો.



*1961માં ભારતમાં વાઘનો શિકાર કર્યા પછી ક્વીન એલિઝાબેથ (વચ્ચે) અને જયપુરના મહારાજા તથા મહારાણી સાથે.*

તેના સ્થાપકે બીબીસીને કહ્યું હતું કે "તમે યુવા લોકોને કોઈ ક્ષેત્રમાં સફળતા અપાવી શકો તો એવી સફળતાની લાગણી બીજા ઘણા લોકોમાં ફેલાઈ શકે."
ફિલિપ પ્રતિભાશાળી સ્પૉર્ટ્સમૅન હતા. તેઓ ગૉર્ડન્સ્ટાઉન ખાતે સેઈલિંગ શીખ્યા હતા અને આઈલ ઑફ વાઇટ ખાતે દર વર્ષે ઉનાળામાં યોજાતી સેઈલિંગ સ્પર્ધામાં નિયમિત રીતે ભાગ લેતા હતા. તેમને કેરેજ ડ્રાઈવિંગ જેવી અશ્વસંબંધી સ્પૉર્ટ્સમાં જોરદાર રસ હતો અને તેઓ 1960ના દાયકાના મધ્યભાગમાં બ્રિટનના ટોચના પોલો ખેલાડીઓ પૈકીના એક હતા.

તેઓ પર્યાવરણની તથા વન્યજીવનની જાળવણી માટે પ્રતિબદ્ધ હતા. 1961માં તેઓ વર્લ્ડ વાઇલ્ડ લાઇફ ફંડના પ્રમુખ બન્યા હતા.એ જ વર્ષે ભારતમાં વાઘના શિકારના એક ફોટોગ્રાફમાં ક્વીન સાથે તેઓ નજરે પડ્યા ત્યારે તેમણે ટીકાનો સામનો કરવો પડ્યો હતો.

### *તેમનું વ્યક્તિત્વ તેમના પોતાના અને ક્વીનના શબ્દોમાં...*

બ્રિટિશ જીવનમાં તેમણે આપેલા યોગદાન વિશેના સવાલનો જવાબ પ્રિન્સ ફિલિપે લાક્ષણિક નિખાલસતા સાથે આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે "મેં મારાથી બનતું શ્રેષ્ઠ કામ કર્યું છે. કેટલાક લોકોને તે યોગ્ય લાગે છે, કેટલાકને નથી લાગતું. તેમાં હું શું કરી શકું? હું મારી કાર્યપદ્ધતિ બદલાવી ન શકું. એ મારી શૈલીનો એક હિસ્સો છે." પ્રિન્સ ફિલિપે બેધડક અથવા ભાવનાશૂન્ય વંશીય નિવેદનો કરીને વારંવાર વિવાદ

પણ સર્જ્યા હતા. તેમાં તેમણે 1986માં ચીનમાંના બ્રિટિશ વિદ્યાર્થીઓના એક જૂથ સાથેની વાતચીતમાં કરેલી ટીપ્પણીનો સમાવેશ થાય છે. તેમણે વિદ્યાર્થીઓને કહ્યું હતું કે "જો તમે અહીં લાંબો સમય રહેશો તો તમારી બધાની આંખો પણ એકદમ ઝીણી થઈ જશે." ટીકાકારો તેમને ગેફે-પ્રોન (શરમમાં નાખનારા) અને આઉટ ઑફ ટચ ગણાવ્યા હતા. પ્રિન્સ ફિલિપનો બચાવ કરતા લોકો તેમને મસ્તી-મજાક કરવા ઈચ્છુક વ્યક્તિ ગણાવતા હતા.

જાણકારો કહે છે કે સ્પષ્ટવક્તા પ્રિન્સ ફિલિપ અને ક્વીન ઍલિઝાબેથને હાસ્યે જોડેલા રાખ્યા હતા. એમણે પોતે સૂચવેલું કે એ ક્વીનની સહનશીલતા છે. ક્વીન ઍલિઝાબેથ એક સમયે તેમના ભાષણની શરૂઆત "મારા પતિ અને હું..." શબ્દોથી કરતાં હતાં તેની 1960ના દાયકામાં અને એ પછી હાસ્યલેખકોએ ખૂબ મજાક ઉડાવી હતી. એ પછી ક્વીને તે શબ્દો બોલવાનું બંધ કરી દીધું હતું, પણ લાગણી યથાવત રહી હતી.

ક્વીન ઍલિઝાબેથે તેમનાં લગ્નની સુવર્ણજયંતી પ્રસંગે આપેલા હૃદયસ્પર્શી ભાષણમાં પ્રિન્સ ફિલિપના વ્યક્તિત્વનું વર્ણન કર્યું હતું. ક્વીને કહ્યું હતું કે "પ્રિન્સ ફિલિપે મારું ભાષણ સાંભળવું પડશે તેનો ડર મને વારંવાર લાગે છે. ભાષણની ચર્ચા અમે અગાઉ કરી લઈએ છીએ અને તમે સમજી શકો કે તેઓ સ્પષ્ટ શબ્દોમાં તેમનો અભિપ્રાય વ્યક્ત કરે છે."

"તેઓ આસાનીથી વખાણ કરતા નથી, પણ તેઓ આટલાં વર્ષો સુધી ચુપચાપ મારી શક્તિ બની રહ્યા છે. હું અને તેમનો પરિવાર, આ અને વિશ્વના અનેક દેશો તેમના પારાવાર ઋણી છે."

*(સૌજન્ય: બીબીસી ગુજરાતી)*




*'હું ખલીલ આજે મર્યો છું એ પ્રથમ ઘટના નથી, જિંદગીભર હપ્તે હપ્તે રોજ ચૂકવાયો હતો'*

## - ગુજરાતી ગઝલચાહકોનાં હૈયે સદાય રમતી આ ગઝલના રચયિતા

# કવિ ખલીલ ધનતેજવીનું વડોદરામાં નિધન...

*સુરેશ ગવાણિયા * (સૌજન્ય: બીબીસી ગુજરાતી).*




**જન્મ: ડિસેમ્બર 12, 1935 * અવસાન: એપ્રિલ 04, 2021**

'હું ખલીલ આજે મર્યો છું એ પ્રથમ ઘટના નથી, જિંદગીભર હપ્તે હપ્તે રોજ ચૂકવાયો હતો'- ગુજરાતી ગઝલચાહકોનાં હૈયે સદાય રમતી આ ગઝલના રચયિતા કવિ ખલીલ ધનતેજવીનું વડોદરામાં નિધન થયું છે. ખલીલ ધનતેજવીની ગઝલમાં જીવાતી જિંદગી અને વર્તમાન સમયનું પ્રતિબિંબ ઝીલાય છે એવું એમના સમકાલીનો માને છે.

'આ સોગંદનામું રજૂ કર્યા પછી મારે કશું કહેવાનું રહેતું નથી. જે રીતે જીવાયું, એ બધું એની મેળે જીવાયું અને એ રીતે જીવ્યો છું, બસ એનું આ જ સોગંદનામું.'

'સોગંદનામું' નામની આત્મકથા લખનારા ખલીલે આ રીતે પોતાના જીવનની વાત કરી હતી. જાણીતા ગાયક જગજિતસિંઘે જેમની ગઝલ ગાઈ એ ખલીલ ધનતેજવી આગવી અદા અને એમના પહાડી અવાજથી મુશાયરામાં નવી રોનક લાવી દેતા. તેમનો 'અંદાઝે બયાં' પણ ખાસ રહ્યો છે.

તેમનું ઊંચું કદ, બુલંદ અવાજ, મોટી આંખો અને એમાં રહેલી નમણાશ એ તેમને નિરખી શકાય એવી ઓળખ છે.

'સોગંદનામું'માં ખલીલ ધનતેજવી લખે છે- 'ચોથું ધોરણ પાસ કરીને મેં નિશાળ છોડી દીધી.'

'ભણતર છોડ્યું એ સાથે દાદાની આંગળી છોડીને બાર વર્ષની ઉંમરમાં જ બળદનાં રાસ-પરોણા હાથમાં લઈને હું હળ હાંકતો અને ખેતર ખેડતો થઈ ગયો.

'પછી તો ખેતી માટે થતાં બધાં જ નાનાંમોટાં કામો કરવા લાગ્યો. વાવણીથી માંડીને ફસલ લણતાં કે

વાઢતાં સુધીનાં દરેક કામમાં પારંગત થઈ ગયો. વાવણીના સમયે તરફેણ ફૈડકો હાંકીને સીધા ચાસ કાઢવા અંગે ગામમાં પ્રશંસા થવા લાગી.'
'રેલવેના પાટા જેવા સીધા ચાસ કાઢતો હતો.'
જાણીતા ગઝલકાર અને વિવેચક અને ખલીલ ધનતેજવી સાથે પારિવારિક સંબંધ ધરાવતા શકીલ કાદરી કહે છે, "ગઝલ આજે જે લોકપ્રિય કક્ષાએ પહોંચી છે એમાં આજના યુગમાં ખલીલ ધનતેજવીનો ફાળો બહુ મોટો છે." "માનવીય મૂલ્યોને પતન થતું હોય તો પણ એ વાત ખલીલની કવિતામાં જોવા મળે છે. એમની ગઝલો લોકપ્રિય થઈ એનું કારણ એ છે કે તેમની ભાષા બહુ સરળ હતી."
"સમય પ્રમાણે એ બદલાતા રહ્યા. એમણે જીવનની હાડમારી બહુ ભોગવી હતી, વિષમ અનુભવો પણ તેમને થયા હતા. પણ એ પરિવર્તન સાથે જીવતા શીખી ગયા હતા. અને એ એમની કવિતામાં પણ વ્યક્ત થાય છે."
તેઓ કહે છે, "ભલે સાહિત્યિક દૃષ્ટિએ એ વધુ મૂલ્યવાન ન લાગે પણ સામાન્ય લોકોને સ્પર્શે એવો સમાજનો અસલી ચહેરો તેઓ ગઝલમાં સાદી રીતે રજૂ કરતા હતા."
ખલીલ ધનતેજવી મોટા ભાગે કવિસંમેલનો કે મુશાયરામાં જતા ત્યારે ગઝલ વાંચવા માટે કોઈ કાગળ કે ડાયરી રાખતા નહોતા.
તેમના અંતિમ મુશાયરાઓ સુધી પણ તેઓ મોઢે ગઝલ વાંચતા. એક પછી એક ગઝલનો અસ્ખલિત પ્રવાહ વહેતો જાય અને શ્રોતાઓ રસતરબોળ થતા જાય. કવિ અને મનોચિકિત્સક મુકુલ ચોકસી બીબીસી સાથેની વાતચીતમાં કહે છે, "એમની ગઝલોમાં પરંપરા અને નવું- બંનેને મિશ્રણ હતું. લોકપ્રિયતામાં તેઓ સૌથી ટોચ પર હતા. ખલીલ પછી કોઈ શાયર રજૂ થવાની હિંમત નહોતા કરતા."
તો કવિ અનિલ જોશી કહે છે, "ખલીલને તો જીવાતી જિંદગીનો નશો ચડ્યો હતો. જિંદગી એની પોતે જ સાકી છે. ખલીલની કવિતામાં કોઈ આધ્યાત્મિકતા નહોતી, એનો જિંદગી સાથેનો જે નાતો હતો એ જ એની મોટી સંપદા છે."

*નવો મારગ મેં કંડાર્યો હતો ખુદ મારાં પગલાંથી*
*ઘણી પગદંડીઓ ફૂટી પછી તો એ જ રસ્તાથી*
*ઘાણીએ ફરતો બળદ અટકી જશે*
*એને કહેતા નહીં કે પૃથ્વી ગોળ છે*

ખલીલ ધનતેજવીએ બોલીવૂડ અભિનેતા અમિતાભ બચ્ચનનાં લગ્નમાં પણ હાજરી આપી હતી.
જોકે અમિતાભ બચ્ચને પત્રકારોને લગ્નમાં નિમંત્રણથી વંચિત રાખ્યા હતા.
ખલીલ ધનતેજવીને પણ નિમંત્રણ નહોતું. જોકે તેઓને ખબર પડતાં તેઓ લગ્નમાં પહોંચી ગયા હતા. અને એ પછી જે વિગત લાવ્યા એ 'સિનેમા સમાચાર'ને હવાલે કરી દીધી હતી.તેઓ આત્મકથામાં લખે છે કે 'આ પ્રસંગમાં માત્ર બે પત્રકારો ઉપસ્થિત હતાં. એક તો હું પોતે અને બીજી અંગ્રેજી સામયિક સ્ટારડસ્ટની તેજતર્રાર સંપાદિકા દેવયાની ચોબલ.'
ખલીલ ધનતેજવી સાથે ગઝલપાઠ કરનારા અને એમને ઓળખનારા કવિઓ-લેખકોનું માનવું છે એમની સાદગી પણ એમની કવિતામાં ઊતરી આવી હતી.

બિરેન કોઠારી કહે છે કે "ખલીલ ધનતેજવી ચાહકો અને સમધર્મીઓમાં પણ લોકપ્રિય હતા. એમનું વલણ એવું રહેતું કે એ કોઈની તક છીનવતા નહોતા અને હંમેશાં નવયુવાન કવિઓને પ્રોત્સાહન આપતા હતા. બધાને સ્વજન જેવા લાગતા."

તેઓ એક પ્રસંગને યાદ કરતાં કહે છે, "અમદાવાદમાં વિવિધ ભારતી પર ગુજરાતી ફિલ્મોની અંગેની સિરીઝ ચાલતી હતી. હું વડોદરામાં હતો અને મારે ખલીલ ધનતેજવીનો ઇન્ટરવ્યૂ લેવાનો હતો. ઇન્ટરવ્યૂ માટે મેં ખલીલભાઈને વાત કરી અને એમને આવવા-જવા માટેના વાહનની વ્યવસ્થાનું કહ્યું. તો ખલીલે મને કહ્યું કે વાહન-બાહનની કોઈ જરૂર નથી, તું બાઇક લઈને આવી જા. આપણે બંને બાઇક પર જતા રહીશું. આ હતી તેમની સરળતા. કોઈ પણ પરિચય વિના તેમણે આ વાત કરી હતી. એમની સાદગી આપણને અનાયાસ લાગે."

ખલીલ ધનતેજવી આત્મકથામાં લખે છે કે 1991ના સપ્ટેમ્બરની 28 તારીખે 56 વર્ષની વયે તેમને ઍટેક આવ્યો હતો.એ પછી તેમને પાંચ વાર ઍટેક આવ્યા હતા અને ત્રણ વાર ઍન્જિયોપ્લાસ્ટિ કરાવી હતી. ખલીલ ધનતેજવી 1982ના અનામતવિરોધી આંદોલનને યાદ કરતો એક પ્રસંગ લખે છે :

હું ઑફિસથી પાછો ઘરે જઈ રહ્યો હતો. સ્કૂટર પંકચર હતું અને કર્ફ્યુને કારણે કોઈ ગૅરેજવાળો મળે એવી સ્થિતિ નહોતી. હું સૂમસામ રોડ પર ચાલતો જઈ રહ્યો હતો. પાછળથી પોલીસની જીપ આવતી હોવાનું મને લાગ્યું અને હું રોડની વચ્ચેથી ખસીને રોડની એક બાજુ ચાલવા લાગ્યો. પોલીસવાળો તાડુક્યો.

'બગીચામાં ફરવા નીકળ્યા હો એમ તમે તો ફરો છો ને?'

'હું ઑફિસથી ઘરે જઈ રહ્યો છું.'

'પણ કર્ફ્યુ લાગ્યો છે એની તમને ખબર નથી?'

'ખબર છે.'  'છતાં તમે નીકળી પડ્યા?'

'મારી પાસે કર્ફ્યુ પાસ છે.'

'એમ? દેખાડો.' મેં એને કર્ફ્યુ પાસ દેખાડ્યો. પાસ પોતાના હાથમાં લઈને ત્રણ વાર પાસને જોયો અને ત્રણ વાર મારી તરફ જોયું. પછી એ બોલ્યો- 'ચાલો, ગાડીમાં બેસી જાવ.'

'પણ ભલા માણસ, મારી પાસે કર્ફ્યુ પાસ છે તો પણ-'

'હા, તો પણ.'  'કેમ એવું?'

'એ બધું હું તમને પછી સમજાવીશ. તમે ગાડીમાં બેસો.' પોલીસ મને ઉપાડી જવાની જિદ લઈને બેઠો. મને પણ થયું કે ગાડીમાં બેસવાની ના પાડીશ તો બે ચાર ડંડા મારશે. એના કરતાં બેસી જ જવા દે. એની જીપમાં. અને હું બેસી ગયો.એ મને પોલીસ સ્ટેશન લઈ ગયો. છેક એની કૅબિનમાં લઈ ગયો. મને એની સામે બેસાડ્યો. પછી કૉન્સ્ટેબલને બોલાવીને પાણી અને ચા લઈને આવવા કહ્યું. પછી મને કહ્યું, 'હા, ખલીલસાહેબ! સરસ મઝાની ગઝલ સંભળાવો.' શકીલ કાદરી કહે છે, "ગુજરાતીમાં ગઝલની થતી અવગણનામાં ગઝલને સ્થાપિત કરવામાં એમની બહુ મહત્ત્વની ભૂમિકા રહી છે."

"ખલીલ ધનતેજવીને સૌથી પહેલી પંક્તિ જાણીતા ગઝલકાર અઝીઝ કાદરી (શકીલ કાદરીના પિતા) એ આપી હતી અને તેઓ મુશાયરાઓમાં પણ ઘણી વાર તેનો ઉલ્લેખ કરતા હતા." શકીલ કાદરી અનુસાર, ખલીલે શરૂઆત ઉર્દૂથી કરી હતી. એ સમયે ખલીલ

સમકાલીન કવિઓની જેમ ન સમજાય એવી દુર્બોધ કહેવાય એવી શૈલીમાં લખતા હતા.

"પણ પાછળથી 1970-75 પછી તેમની ઉર્દૂ ગઝલોમાં ઘણો બદલાવ આવ્યો હતો, સરળતા આવી હતી."

શકીલ કાદરી કહે છે, "પત્રકાર હોવાને કારણે તેઓ ભાષામાં સરળતા રાખતા હતા અને એનો તેઓએ શાયરીમાં પણ ઉપયોગ કર્યો હતો. શબ્દોની પસંદગી અને વિષયની પસંદગી. અને સરળતા છતાં પણ નાવિન્ય એ એમનો ગુણવિશેષ હતો."

અનિલ જોશી બીબીસી સાથેની વાતમાં કહે છે, "જ્યારે ગઝલમાં પરંપરાનો યુગ ચાલતો ત્યારે એ સમયે ખલીલ ધનતેજવીએ પરંપરાથી પ્રભાવિત થયા વિના પોતાની જે મનોવ્યથા હતી, મથામણ હતી એ ઠાલવી. એ પ્રવાહથી અળગા રહીને ચાલ્યા હતા."

"કેટલાક વિવેચકો ખલીલની કવિતામાં છિદ્રો શોધતા હોય છે. ખલીલની ગઝલોમાં છિદ્રો શોધનારા અનેક સમકાલીનો હોઈ શકે. પણ મારી એક સાદી સમજ છે કે પોલા વાંસમાં જ્યારે છિદ્રો હોય ત્યારે જ એ વાંસળી બને છે." "ખલીલ ધનતેજવીએ છિદ્રોને બારી બનાવીને જીવતી જિંદગીનાં યથાર્થ દર્શન કર્યાં છે."

ખલીલ ધનતેજવી એમની એક ગઝલમાં કહે છે-

*હા, વિવેચક છો તમે જાણું છું હું,*
*પણ જરા આઘા ઘસો, રસ્તો કરો.*
*આપ છો ભાષાભવનના માસ્તર*
*લો, જરા ટહુકાનો તરજુમો કરો.*

આમ, શબ્દો સાથેનો તેમનો નાતો માત્ર ગઝલને લીધે નથી. પણ સાહિત્યના અન્ય આયામોમાં પણ એમણે વિહાર કર્યો છે. 'સોગંદનામું'માં તેઓ લખે છે, 'દરેક વળાંકે મને નવું જગત પ્રદાન કર્યું છે. કોઈ પણ વળાંક મને 'પાછો વળ' કહેવાને બદલે આગળ વધવાની પ્રેરણા આપી છે. નવો ઉમળકો અને નવી શક્તિ પણ આપી. દાતરડાથી કલમ સુધી અને કલમથી કૅમેરા સુધીના મારા આ પ્રવાસમાં સૌપ્રથમ પગથિયાનું નામ છે કવિતા.'

વડોદરાથી અંદાજે 45 કિમી દૂર આવેલા ધનતેજ ગામમાં કવિ ખલીલ ધનતેજવીનો જન્મ 12 ડિસેમ્બર, 1935માં થયો હતો.ખલીલ ધનતેજવી 1970થી 1985 સુધી ગઝલથી દૂર રહ્યા હતા. એ દરમિયાન તેઓ સિનેમા સમાચાર (વિકલી) અને રેશમા (માસિક)માં કામ કરતા રહ્યા. અને 15 વર્ષથી પછી તેઓ ગુજરાતી ગઝલ પાસે પહોંચ્યા હતા. એ પછી તેઓ સતત ગુજરાતી ગઝલકારો અને ચાહકોનો પ્રેમ મેળવતા રહ્યા.ખલીલ લખે છે કે તેમની ગઝલસર્જનની પ્રવૃત્તિ 1960થી શરૂ થઈ હતી. એ પછી 40 વર્ષ પછી 2001માં પ્રથમ બે ગઝલસંગ્રહ શાયદ (હિંદી) અને સાદગી (ગુજરાતી)માં પ્રસિદ્ધ થયા હતા.

છેલ્લે તેમની 952 ગઝલનો સંગ્રહ 'સમગ્ર' પ્રગટ થયો હતો. ખલીલ ધનતેજવીને મુશાયરાઓ મળતાં તેઓએ 1990માં સ્વેચ્છાએ નોકરી છોડી દીધી હતી.

એક જગ્યાએ પેઢીનામું લખવાથી તેમણે નોકરીની શરૂઆત કરી હતી. પત્રકારત્વમાં લાંબા સમય સુધી નોકરી કરી.

એમણે 1960ની આસપાસ એક 'સાવલી સાપ્તાહિક' શરૂ કર્યું હતું. તેઓએ ગઝલ ઉપરાંત નવલકથા, નાટક, ફિલ્મોમાં પટકથા-સંવાદ-ગીતો પણ લખ્યાં હતાં. તેઓએ 'સુંવાળો ડંખ', 'ડૉ. રેખા', 'સફેદ

પડછાયા', 'સળગતો બરફ' સહિત અનેક નવલકથાઓ, 'સાદગી', 'સારાંશ', 'સોગાત', 'સૂર્યમુખી', 'સાહ્યબા' વગેરે ગઝલસંગ્રહો તેમજ નાટકો અને ફિલ્મોની પટકથાઓ-સંવાદો, ગીતો લખ્યાં.

અત્રે ઉલ્લેખનીય છે કે તેમનું વર્ષ 2019માં નરસિંહ મહેતા ઍવૉર્ડથી પણ સન્માન કરાયું હતું.

ખલીલ ધનતેજવીએ અગાઉ બીબીસી ગુજરાતી સાથે વાત કરતાં કહ્યું હતું, "મેં ખેતરમાં દાતરડાથી ચારો વાઢ્યો છે. હું ઢોર ચારતો, ચારાનો ભારો માથે ઉપાડીને ઘરે આવતો- આ સમયે મેં ક્યારેય વિચાર્યું નહોતું કે હું પત્રકાર બનીશ કે નવલકથાકાર બનીશ કે ગઝલકાર બનીશ."

"હું 27 રૂપિયા લઈને મારા ગામ ધનતેજથી વડોદરા આવ્યો હતો. મારાં માતા રાજી નહોતાં. છેવટે ઘણી સમજાવટ પછી માતા તૈયાર થયાં."

તેઓ કહે છે, "હું લખતો હોઉં ને માતા કોઈ વાર આવે તો કહે કે આમ તું આખો દિવસ ઊંધું ઘાલીને આંખો ફોડ્યા કરે છે એના કરતાં તો કંડક્ટર થઈ ગયો હોત તો..."

"મેં કહ્યું કે કંડક્ટર શું કામ, તો કહે કે સરકારી નોકરી ન કહેવાય?" "હું જે કમાયો, પ્રસિદ્ધિ મેળવી એની માતાને કોઈ કિંમત નહીં, પણ હું કંડક્ટર ન બન્યો એનો એમને વસવસો રહી ગયો."ખલીલ ધનતેજવી ભલે માત્ર ચોથું ધોરણ ભણ્યા હોય પણ તેમનાં સંતાનોને તેમણે ઉચ્ચ શિક્ષણ આપ્યું હતું.

તેઓ કહે છે કે "મારાં બધાં છોકરાં ગ્રેજ્યુએટ છે. મારી દીકરીએ પણ પીએચ.ડી. કર્યું છે. મારા ઘરમાં બધાં ભણેલાં છે. હું એકલો જ અભણ છું."હળવી શૈલીમાં માર્મિક વાત કહેનારા ખલીલભાઈ તેમની એક રચનામાં જિંદગી વિશે લખે છે...

***"વૃક્ષ ઝંઝાવાત નહીં ઝીલી શકે***
***તરણું ઊખડી જાય તો કે'જે મને***
***જિંદગી તારાથી હું થાક્યો નથી***
***તું જો થાકી જાય તો કે'જે મને"***


ખલીલ ધનતેજવીના યાદગાર શેર

***મૈં અબ રાશન કી કતારોં મેં નજર આતા હૂં,***
***અપને ખેતોં સે બિછડને કે સજા પાતા હૂં***

**ખુમારી તો ખરેખર વારસાગત ટેવ છે મારી**
**લે મારી જાત ઓઢાતું તને**
**સાયબા શી રીતે સંતાડું તને**
**ઘર સુધી તું આવવાની જીદ ન કર**
**ઘર નથી, નહિતર હું ના પાડું તને**
**હું મારી ટેવ છોડીને તને મળવા નહીં આવું**
**ફૂલ છું, ચાહો તો ડાળીથી તોડી લો મને**
**પણ પ્રથમ જોઈ લો ઘરમાં ફુલદાની છે કે નહીં**
**કોઈનાં પગલાંમાં ડગ ભરતો નથી**
**હું મને ખુદને અનુસરતો નથી**
**શ્વાસ પર જીવી રહ્યો છું તે છતાં**
**હું ભરોસો શ્વાસનો કરતો નથી**

વર્ષો પહેલાં પેલી ગઝલમાં તેમણે બીજો પણ એક શેર લખ્યો હતો:

**અપની નીંદો કા લહૂ પોંછને કી કોશિશ મેં**
**જાગતે જાગતે થક જાતા હૂં સો જાતા હૂં.**



વીગન ડાયટ લેનારાઓમાં પ્રોટીન-કેલ્શિયમની ઊણપને કારણે હાડકાંમાં ફ્રેક્ચર થવાનું જોખમ.

# પ્લાન્ટ બેઝ્ડ ડાયટથી પોષકતત્ત્વો ઘટી શકે છે.



ઓક્સફર્ડ યુનિવર્સિટીનું નવું રિસર્ચ અલર્ટ કરનારું છે. રિસર્ચમાં જાણવા મળ્યું છે કે, જે લોકો ફક્ત વીગન ડાયટ લે છે તેમનાં હાડકાં નબળાં થવા સિવાય ફ્રેક્ચર થવાનું જોખમ રહે છે. મીટ ખાતા લોકોની સરખામણીએ વીગન ડાયટ લેતા લોકોમાં કેલ્શિયમ અને પ્રોટીનની ઊણપ થઈ જાય છે. પરિણામે, હાડકાં 43% સુધી હાડકાં ફ્રેક્ચર થવાનું જોખમ વધારે રહે છે.

**વીગન ડાયટ શું છે?**

વીગન ડાયટમાં ફક્ત માંસ અથવા ઇંડા જ નહીં પરંતુ દૂધ, દહીં, ઘી, ચીઝ જેવી ડેરી પ્રોડક્ટનું પણ સેવન નથી કરાતું. આ પ્રકારના આહારમાં માત્ર છોડમાંથી મળેલી વસ્તુઓ જ ખાવામાં આવે છે જેમ કે, અનાજ, શાકભાજી, ફળો અને ડ્રાયફ્રૂટ્સ.

**રિસર્ચનું ચોંકાવનારું રિઝલ્ટ**

BMC જર્નલમાં પબ્લિશ થયેલાં રિસર્ચમાં જણાવ્યા મુજબ, વીગન ડાયટ લેનારા 1 હજાર લોકો પર 10 વર્ષ સુધી રિસર્ચ કરવામાં આવ્યું હતું. રિસર્ચમાં જાણવા મળ્યું કે, તેમનાં હિપ, પગના હાડકાં અને કમરના હાડકાંમાં ફ્રેક્ચર થયું છે. ડાયટ એક્સપર્ટ અને રિસર્ચર ટેમી ટોન્ગનું કહેવું છે કે, મીટ ખાવાની સરખામણીએ વીગન ડાયટ લેનારાઓમાં હિપનું ફ્રેક્ચર થવાનાં કેસ 2.3 ગણા વધુ છે. 1 હજારમાં આવા 20 ગંભીર કેસ જોવા મળ્યા હતા.

રિસર્ચ કહે છે કે, વીગન ડાયટ લેનારાઓમાં બોડી માસ ઇન્ડેક્સ ઘટવાની સાથે કેલ્શિયમ અને પ્રોટીનમાં પણ ઘટાડો થાય છે. તેથી, સજાગ રહેવાની જરૂર છે.







**વીગન ડાયટ લેતાં હો તો**

**આ 6 બાબતોનું ધ્યાન રાખો:**

ક્લિનિકલ ન્યુટ્રિશનિસ્ટ સુરભી પારીક જણાવે છે કે, 3 મહિનાથી વધારે વીગન ડાયટ ન લો. સતત પ્લાન્ટ બેઝ્ડ ડાયટ લેવાથી શરીરમાં આયર્ન, કેલ્શિયમ, વિટામિન D અને B-12ની ઊણપ સર્જાય છે.

ઘણીવખત લોકો દૂધના વિકલ્પ તરીકે સોયા દૂધ, સોયા પનીર લે છે. જો આહારમાં સોયાની માત્રા વધારે હોય તો હોર્મોનલ અસંતુલિત થવાનું જોખમ રહેલું છે. પરિણામે હેરફોલ અને સ્કિન સ્પોટ્સ થઈ શકે છે. તેથી, વીગન ડાયટ લેતી વખતે એક્સપર્ટની સલાહ ચોક્કસપણે લો.

જો આ ખોરાક લાંબા સમય સુધી લેતા હો તો એક્સપર્ટ થોડી સપ્લિમેન્ટ્સ પ્રિસ્ક્રાઇબ કરે છે, જે કેલ્શિયમ, વિટામિન-D, B-12 અને આયર્નની ઊણપને પૂર્ણ કરે છે.

ફક્ત પ્લાન્ટ બેઝ્ડ ડાયટ લેતા હો તો ઘણાં આવશ્યક પોષકતત્ત્વોની ઊણપ સર્જાય છે.

વિટામિન-Dની ઊણપને પૂર્ણ કરવા માટે સવારે 9 વાગ્યા પહેલાં થોડોક સમય તડકામાં બેસો. આ વિટામિન-Dની ઊણપને પૂર્ણ કરશે અને હાડકાંને મજબૂત બનાવશે.

વિટામિન B-12ની ઊણપથી થાક અને નબળાઇ અનુભવાય છે, તેથી, ખોરાકમાં સોયા પીણા, અનાજ લો. ફક્ત શાકભાજી અને ફળો પર આધાર રાખશો નહીં.

ક્લિનિકલ ન્યુટ્રિશનિસ્ટ સુરભીના જણાવ્યા અનુસાર, લોકો લીલાં શાકભાજીનું સેવન કરવા છતાં આયર્નની ઊણપ અનુભવી શકે છે કારણ કે, તે લો-હીમ ફૂડ છે. તેમને જરૂરી એટલું આયર્ન નથી મળી શકતું. તેના માટે વટાણાં, ટોફુ અને ડ્રાયફ્રૂટ્સનું સેવન કરો.

***(સૌજન્ય: દિવ્યભાસ્કર)***

# મહાસત્તા બનતાં પહેલાં પાયાની સુવિધા આપો

**- યાસીન દલાલ**

***- આપણા જ નાગરિકો મધ્યપૂર્વ, દક્ષિણ પૂર્વ અને સિંગાપુરમાં લાખો રૂપિયા રોકે છે.***

***પણ ભારતમાં બહુ ઓછી રકમ રોકાય છે***

એકદમ ઓછી અને અપૂરતી છે. એમાંથી શિક્ષણ, આરોગ્ય, કપડા કે રહેઠાણ, કંઈ પણ ખરીદી સક્ય એમ નથી. સરકાર માપદંડ મુજબ મહિને રૂા ૧૦૦૦/- થી ૧૨૦૦/- મળવા જોઈએ પણ નાગરિકની સરેરાશ માથાદીઠ આવક એનાથી ઘણી ઓછી છે.

૧૦૦૦ વર્ષ પહેલાં ભારત અને ચીન ઉપરાંત બીજા દેશોમાં વિશ્વ વહેંચાયેલું હતું અને આ ત્રણેય વર્ગો વિશ્વની કમાણીમાંથી ૩૩% હિસ્સો મેળવતા હતાં પણ ૧૯૪૭ માં આપણે થોડા સમય પહેલાં આપણા જાણીતા ટેકનોક્રેટ અને દેશની ટેલીફોનક્રાંતિના પ્રણેતા સામ પિત્રોડાએ એક ટકોર કરી હતી. એમણે કહ્યું હતું કે, પહેલા આપણે આપણી પ્રજાને પાણી, રસ્તા અને વિજળીની સુવિધા આપવી જોઈએ. આ પાયાની સુવિધાઓ વિના મહાસત્તા બનવાના સપના સેવવા એ ખોટું છે. એમની આ ટકોર સાચી છે.

૭૩ વર્ષની આઝાદી પછી દેશની પરિસ્થિતિ અત્યંત કંગાળ રહી છે. આપણને ન ગમે તેવું કરૂણ સત્ય છે. એને માટે આપણી પોતાની નબળાઈઓ જ જવાબદાર છે. કેન્દ્ર સરકારમાં ૮૦૦ રાજકારણીઓ છે અને ૩૦ રાજયોમાં ૬ હજાર રાજકારણીઓ છે. ઉપરાંત લગભગ ૨ કરોડ જેટલા સરકારી કર્મચારીઓ પણ છે. એ બધાને નિભાવવા માટે દરરોજ રૂા ૧૮૦૦ કરોડ અથવા દર વર્ષે ૬,૫૦,૦૦૦ કરોડ ખર્ચ થાય છે. બે કરોડ કર્મચારીઓ ૧૦૦ કરોડની પ્રજા ઉપર શાસન કરે છે.જે દેશમાં ઘરેલું ઉત્પાદનના ૩૦% જેવું થાય છે. દેશમાં આજે લગભગ ૩૦ કરોડ લોકો ગરીબીની રેખાનીચે જીવે છે. બે કરોડ લોકો સરકારી નોકરીમાં છે. ૩૨ કરોડ લોકો આ સુરક્ષિત નોકરીઓમાં લાગ્યા છે. ૩૦ કરોડ લોકો બેકાર છે. વિશ્વ બેંકની વ્યાખ્યા મુજબ વર્ષે વધુમાં વધુ ૬૫ ડોલર કમાતા હોય એવા લોકોને ગરીબ રેખા નીચે ગણવા જોઈ. આ ધોરણથી માપીએ તો ૭૫% લોકો ગરીબીની રેખાથી નીચે જીવે છે. કેન્દ્ર સરકારના આંકડા મુજબ શહેરી વિભાગમાં નાગરીકનો મહિનાનો સરેરાશ પગાર રૂા ૨૯૬/- છે. અને ગામડામાં રૂા ૨૭૬/- છે. આનો મતલબ એ થયો કે, આપણો સરેરાશ નાગરિક દરરોજના રૂા ૧૦/- માંડ કમાય છે. આ પગારમાંથી ૨૨૦૦ કેલેરી જેટલી માંડ ખરીદી શકાય. આ આવક આઝાદ થયા ત્યારે ૩૩% હિસ્સો ઘટીને ૩% પર આવી ગયો હતો. અને આજે ૦.૬% જેટલો નીચો આવી ગયો છે. જે વિશ્વના કુલ ઉત્પાદનમાં ૧.૪% છે. વસતીના પ્રમાણમાં વિશ્વની વસ્તિનો ૧૭% ભાગ ભારતમાં રહે છે. એ જોતાં આપણું સ્થાન કયાં છે એનો ખ્યાલ આવી જશે. વિશ્વના વ્યાપમાં ૯૯.૫% ભાગ ભારતની બહાર

ઢસડાઈ જાય છે. આનો મતલબ એ થયો કે આવતા ૨૦ વર્ષમાં આપણે આપણી નિકાસ ૧૦ ગણી વધારવી પડે.

આપણી પડોશમાં રહેલું ચીન આપણા કરતાં પણ મોટુ ંછે. એની સાથે સરખામણી કરવાથી ચિત્ર સ્પષ્ટ થશે. વિશ્વ બેંકના જણાવ્યા મુજબ ભારતની માથાદીઠ આવક ૪૪૦ ડોલર છે. ત્યાં ચીનની આવક એનાથી બમણી એટલે કે ૮૦૦ ડોલર છે. વિશ્વ બેંકની વ્યાખ્યા મુજબ વ્યક્તિદીઠ દરરોજનો ૧ ડોલર ગરીબીની રેખા માટે ગણવો જોઈએ આ માપદંડથી ચીનમાં માત્ર ૩% વસતી ગરીબીની રેખાની નીચે જીવે છે અને ભારતમાં ૩૦થી ૪૦% વસતી ગરીબીની રેખાની નીચે જીવે છે. અર્થતંત્રની વાત કરીએ તો ચીન આપણાં કરતાં ૩૦% ભાગ ખેતીમાં રોકાયેલો હોવા છતાં આપણું કૃષિ ઉત્પાદન વિશ્વના બીજા દેશો કરતાં ઘણું જ ઓછું છે. ચીનમાં ખેતી લાયક જમીન આપણા કરતાં ઓછી હોવા છતાં એનું ઉત્પાદન બમણું છે. આપણા દેશમાં જંગી નદીઓ અને તળાવો હોવા છતાં આ સ્થિતિ છે. જો પૂરતું ધ્યાન આપીએ તો ભારત કૃષિ ઉત્પાદનમાં પહેલો નંબરે આવી શકે.

શિક્ષણની વાત કરીએ તો ચીનમાં ૯૯% બાળકો નવ વર્ષ માટે શાળા ેજાય મતલબ ત્યાં સાક્ષારતાનો દર લગભગ ૧૦૦% જેવો છે. ત્યારે આપણે ત્યાં એ દર માંડ ૫૦-૬૦% છે. ચીનનું પોલાદનું ઉત્પાદન વર્ષે ૧૩ કરોડ ટન છે. આપણે ત્યાં માંડ ૯.૫ કરોડ ટન થાય છે. આપણે ત્યાં ૩ કરોડ ટન ખનિજ તેલ નીકળે છે. ત્યારે ચીનનો આંકડો ૧૬ કરોડ ટનનો છે. કોલસાની વાત કરીએ તો ભારતમાં ૩૦ કરોડ ટન કોલસચો બને છે. ત્યારે ચીનનો આંકડો ૧૩૦ કરોડ ટનનો છે. આપણે ત્યાં ૨.૭ કરોડ ટેલિફોન લાઈનો છે. ત્યારે ચીનમાં ૨૪ કરોડ છે.

આપણા દેશમાં ૭.૫ કરોડ ટી.વી. સેટ છે. ત્યારે ચીનમાં ૪૦ કરોડ ટી.વી.સેટ છે. આપણી નિકાસ ૪ અબજ ડોલરની છે. ત્યારે ચીનની નિકાસ ૨૬ અબજની છે. આપણા દેશમાં દર વર્ષે ૨૫ લાખ પ્રવાસીઓ આવે છે. ત્યારે ચીનમાં એ આંકડો ૬ કરોડનો આંકડો છે. આપણા દેશમાં ૪૮ અબજ રુપિયાની વિદેશી થાપણો છે. જયારે ચીનમાં એ આંકડો ૩૧૨ અબજનો છે. ચીનની વસતી દર વર્ષે ૧ કરોડ જેટલી વધે છે. આપણા દેશમાં ૨ કરોડ વધે છે. આપણી માથાદીઠ આવક ૪૪૦ ડોલરનાં છે. જયારે ચીનનો આંકડો ૯૯૦ ડોલરનો છે. ભારતમાં એક કુટુંબનાં સભ્યની સંખ્યા ૯.૫૨ ની છે. ત્યારે ચીનમાં એ જ સંખ્યા ૩.૬૩ની છે.

આ આંકડાઓ બતાવે છે કે વિશ્વનાં અર્થતંત્રમાં આપણું સ્થાન કયાં છે ચીનની કક્ષામાં આવવા માટે આપણને ૧૦૦ વર્ષ લાગે એમ છે. અમેરિકાની માથાદીઠ આવક ૩૨૦૦૦ ડોલરની છે. એટલી અમેરિકાની સમકક્ષ બનવા માટે હજારો વર્ષ લાગી જાય. ચીનમાં દર વર્ષે આપણા કરતા ૩૦% વધુ પ્રવાસીઓ આવે છે. ભારત કરતાં ચીનમાં ૬૦ ગણા વધુ પ્રવાસીઓ આવે છે. ચીનમાં દર વર્ષે ૪ લાખ હોટલોમાં રુમો ઉમેરાય છે. ભારતમાં હોટલોની કુલ રુમ ક્ષમતા જ ૬ લાખની છે. આપણી વસતિ વધારાનો દર ચીન કરતાં ૩૦૦% વધુ છે. દર વર્ષે આપણેત્યાં એક ઓસ્ટ્રેલીયા જેટલી વસતિ ઉમેરાય છે. આરોગ્યની બાબતમાં પણ આપણી

કામગીરી નિરાશાજનક છે. જેશમાં ૧૦,૦૦૦ સુધરાઈની હોસ્પિટલો હોવા છતાં એની ગુણવત્તા કેવી છે. એ આપણે જાણીએ છીએ. ૩૦ ઈલેકટ્રીસીટી બોર્ડ આપણા દેશમાં છે. પણ છતાં આખા દેશમાં વિજળીની તંગી રહે છે. દિલ્હીમાં ૫૫% જેટલી વિજળી ચોરાઈ જાય છે. જયાં રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન કક્ષાની વ્યક્તિઓ રહેતી હોય ત્યાં આ દશા હોય તો બીજે શું થતું હશે. એની કલ્પના જ કરવી રહે.

આપણા દેશમાં વિશ્વના કોઈ દેશ કરતાં વધુ શાકભાજી ઉગે છે. જેનું પ્રમાણ ૭.૫ કરોડ ટનનું છે પણ એમાંથી ૪૦% જેટલા શાકભાજીનો નાશ થઈ જાય છે. જેની કિંમત રૂા ૫૦,૦૦૦ કરોડની થાય છે. ભારત જેવા ગરીબ દેશમાં આ કયારેય પોસાય નહીં આપણા દેશમાં કરોડો લોકો બેકાર છે. કરોડો ખેત મજૂરોને લધુત્તમ વેતન પણ મળતુ નથી. અનેક રાજયોમાં દરરોજ સેંકડો ખેડૂતો બેકારીમાં કારણે આપઘાત કરે છે. ત્યારે બીજી બાજુ સુરક્ષિત કર્મચારીઓ કામ ન કરે તો પણ તગડો પગાર મેળવે છે. અમેરિકા, બ્રિટન કે યુરોપના કોઈપણ દેશમાં આવી વિષમતા જોવા મળતી નથી.

આપણી કોઈપણ સરકારે વસતિ નિયંત્રણ ઉપર ગંભીરતાથી ધ્યાન આપ્યું જ નથી પરિણામે મુંબઈ અને દિલ્હી જેવા શહેરોમાં લાખો લોકો ઝૂંપડામાં રહે છે. આઝાદી વખતે દેશની વસતી ૩૫-૪૦ કરોડ હતી. વધીને ૧૨૦ કરોડ થઈ ગઈ છે.એનો મતલબ એ થયો કે ગરીબોની સંખ્યા પણ વધી છે. વસતી વધે એનો વાંધો ન હય, પણ અનાજનું અને બીજી ચીજોનું ઉત્પાદન ન વધે તો તે વસતિ બોજારુપ જ બની જાય.ખેતીલાયક જમીન ઉપર પણ બોજો વધતો જાય છે. ૧૯૬૦માં વ્યક્તિ દીઠ ૦.૨૧ હેકટર ખેતીલાયક જમીન પ્રાપ્ય હતી. ૧૯૯૯માં આંકડો ઘટીને ૦.૧૦ નો થઈ ગયો છે. એ જ રીતે પીવાના પાણીનું પ્રમાણ ઘટી રહ્યુ ંછે. ભોપાલમાં પાણી માટે હિંસક અથડામણો થઈ ગઈ. ૨૦૪૫ માં આપણી વસતી ૫૫ કરોડ જેટલી વધી ગઈ હશે ત્યારે શું થશે એની કલ્પના થઈ શક્તી નથી.

અઢી કરોડ ભારતીયો વિદેશમાં વસે છે. અને ચીનમાં વિદેશમાં વસતા નાગરીકોનું ૬૫% નું ફંડ સ્વદેશમાં આવે છે. ત્યારે આપણા દેશમાં એનું પ્રમાણ માત્ર ૧૦% છે. ચીનમાં ૩૧૨ અબજ ડોલર વિદેશી હુંડિયામણના જમા પડયા છે. જયારે આપણે ત્યાંનો આંકડો માત્ર અડતાલીસ અબજનો છે. આનો અર્થ એ થયો કે વિશ્વ કક્ષાના વહીવટને અપનાવવા સિવાય આપણે માટે કોઈ વિકલ્પ જ નથી. આપણા જ નાગરિકો મધ્યપૂર્વ, દક્ષિણ પૂર્વ અને સિંગાપુરમાં લાખો રૂપિયા રોકે છે. પણ ભારતમાં બહુ ઓછી રકમ રોકાય છે.

આનું કારણ જાણવાની કોશિષ કરવી જોઈએ. ખોટ કરતા સરકારી કારખાના બંધ કરવા જોઈએ. સરકારી ઓફિસમાં કાર્યક્ષમતા લાવવી જોઈએ. નોકરશાહીના નિયંત્રણો હળવા કરવા જોઈએ. પ્રાથમિક શિક્ષણ તરફ વધુ ધ્યાન આપવું જોઈએ. શિક્ષણનો ડીગ્રી સાથેનો સંબંધ તોડવો જોઈએ.

આ બધી સમસ્યા ઉપર દેશમાં વ્યાપક વિચારણા થવી જોઈએ. અને વ્યાપક જાગૃતિ લાવવી જોઈએ.

**(સૌજન્ય: ગુજરાતી સમાચાર)**